


પેજ નં. પાંચ ઉપર

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

# કોશિશ થી કામયાબી

Since 1-8-1974

વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ જુલાઈ-ઓગષ્ટ : ૨૦૨૩, અંક નં. ૧૨૭-૧૨૮/૪૯૩-૪૯૪

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 July-August - 23 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) I Total Page : 36



CRE ઉદ્‌ઘાટન



શાળા પ્રવેશોત્સવ
ભાવનગર મહાનગરપાલિકાનાં
કમિશ્નરશ્રી એન. વી. ઉપાધ્યાય (IAS)



ગુરૂ પૂર્ણિમા ઉજવણી









પી. આર. વાઘર આર્ટિફિશ્યલ લિમ્બ સેન્ટર દ્વારા યોજાયેલ કેમ્પનાં લાભાર્થીઓ



ચિત્ર સ્પર્ધાના વિજેતા



યોગ દિન ઉજવણી

# કોશિશથી કામયાબી

આ અંકમાં ...


- બહેરા મુંગા શાળા તસ્વીર સમાચાર...........૦૨
- INDEX...............................૦૩
- CONTENTS AT A GLANCE .....૦૪
- ''મારી તનુનું ધ્યાન રાખજો બહેન''...........૦૫
- નેશનલ કોન્ફરન્સ - ૨૩.....................૦૬
- શાળા પ્રવેશોત્સવ..........................૦૭
- નટરાજન સી. પી બાળકોની શાળા............૦૯
- કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ .....૧૧
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ....................૧૨
- પી. એન. આર. હોસ્પિટલ..................૧૩
- પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી સેન્ટર..........૧૪
- એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટ......૧૫
- મન્થલી મિટીંગ...........................૧૫
- યુવક સંમેલન મુંબઈ - લાઈબ્રેરી.............૧૬
- અંબા સી. પી. હોસ્ટેલ......................૧૭
- ડિપ્લોમા ઈન સ્પેશ્યલ એજ્યુકેશન............૧૭
- શ્રી શાહ ખી.લ. બહેરા મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ).........................૧૮
- શ્રવણમંદોની માધ્યમિક અને ઉ.મા.શાળા......૨૦
- છાત્રાલય.................................૨૨
- શ્રીમતી પી.આર. વાધર સાધન સહાય વર્કશોપ.૨૨
- શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કોલેજ (હિયરિંગ ઈમ્પાયર્ડ)........................૨૩
- શેઠશ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલ.........૨૫
- 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા........૨૬
- ટ્રેનિંગ કોલેજ ફોર આઈ. ડી. ચિલ્ડ્રન.........૨૮
- વિવિધા..................................૨૯
- સાફલ્ય ગાથા 'માધવ'......................૩૨
- ડોનેશન લિસ્ટ.............................૩૩
- PNR તસ્વીર સમાચાર.....................૩૫


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

## વિશિષ્ટ શિક્ષણ ક્ષેત્રમાં રોજગારીની તકો...

આપણા દેશમાં બેરોજગારી એક સમસ્યા બની છે, પરંતુ દિવ્યાંગ બાળકોના શિક્ષણ માટે વિશિષ્ટ શિક્ષકોની ખૂબ અછત છે, તેથી આ ક્ષેત્રમાં હજુ રોજગારીની ઘણી તકો રહેલી છે. આજે જ્યારે કેન્દ્ર અને પ્રાદેશિક સરકારો દ્વારા દિવ્યાંગ બાળકોને સમાન તક અને અધિકારો આપવામાં આવ્યાં છે, ત્યારે તેઓના શિક્ષણ માટે આ સરકારો વિશિષ્ટ શિક્ષકોની ભરતી માટે જાહેરાતો કરે છે.

ગુજરાતની વાત કરીએ તો ૭૦,૦૦૦ ઉપરાંત દિવ્યાંગ બાળકો શિક્ષણ લઈ રહ્યાં છે, ત્યારે ૩૦૦૦ ઉપરાંત વિશિષ્ટ શિક્ષકોની ભરતી માટે સરકારશ્રીએ જાહેરાત કરી છે. અને હજુ વધારે ભરતી કરાશે. પરંતુ તે માટે પૂરતા પ્રમાણમાં ઉમેદવારો મળતા નથી.

હાલ ગુજરાતમાં માન્યતા પ્રાપ્ત ફક્ત ૧૬ જેટલી બી.એડ., ડી.એડ. કોલેજો છે, જેમાં ભાવનગરની આપની સંસ્થાઓ; પી.એન.આર. માં દ્રષ્ટિ બાધિતા (V.I.) બહુદિવ્યાંગતા (M.D.); 'અંકુર' માં મંદબુધ્ધિ (M.R.) અને કે.એલ. માં તો શ્રવણબાધિતા (H.I.) ના ડી.એડ. અને બી.એડ. બંને કોર્સ ચાલે છે.

અત્યાર સુધી ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોના મોટા ભાગના વિદ્યાર્થીઓ આ કોર્સ આપણી સંસ્થાઓમાં કરી, પોતાના રાજ્યમાં સરકારી નોકરી મેળવી ચૂકયા છે અને ગુજરાતમાં હાલમાં આ ક્ષેત્રે શરૂ થયેલી ભરતીઓમાં મોટી તકો રહેલી છે, તો આ ક્ષેત્રમાં કામ કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ તેનો લાભ લેવો જોઈએ.

**✍ કિરીટ રાઠોડ**


**તમારી વિકલાંગતાઓથી તમે વિકલાંગ નથી થતાં, પણ તમારી ક્ષમતાઓથી તમે સક્ષમ થાઓ છો.**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2022-24, Monthly
- **અંક નં. : ૧૨૫ / ૪૯૧**
  ૧૫ મે - ૨૦૨૩
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન: (૦૨૭૮) ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  મો.: ૯૪૯૯૬૬૧૬૯૪/૯૪૯૯૫૫૭૯૭૭
  **E-mail :** info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us :** www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  વંશિકા ફોમ્સ, ભાવનગર
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  વંશિકા ફોમ્સ, ભાવનગર
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **રાજેશભાઈ હકાણી**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# CONTENTS AT A GLANCE

K. D. PADIA



## ◈ Nataraj C. P. Schoolhosts National Conference

A 3-Day National Conference on "Current Status of & Future Roadmap for the Implementation of NEP" was organised with blessings from Rehabilitation Council of India, New Delhi (RCI) during 12-13-14 June, 2023 by Nataraj Cerebral Palsy School of the PNR Society in Bhavnagar. Experts gathered had interaction with Special Educators and Rehabilitation Professionals. Proceedings will soon be out. "Nasha Mukta Abhiyan" as a part of International Awareness and Meeting of School Management Committee were major highlights of the school.

## ◈ Praveshotsava of K. N. Shah Hightech Inclusive and Nataraj C. P. School

Blessed by the Collector and District Magistrate of Bhavnagar Shri R. K. Mehta, IAS and Additional Collector Shri B. J. Patel, Social Defense Officer Shri Bhagirathsinh Chudasama, Education Inspector Shri Kiritbhai Bhuva and Assistant Education Inspector Shri Ramjibhai Seta the Shala Praveshotsav of K. N. Shah Hightech Inclusive School and Nataraj Cerebral Palsy School was organised with all gaity. The school also celebrated World Yoga Day.

## ◈ KLID's Praise-worthy Initiatives

For its wards and staff the K. L. Institute for the Deaf (KLID) invited Yoga trainers from Gujarat State Yoga Board to teach Yoga as a part of celebration of International Yoga Diwas. Enthusiastistic wards and staff were happy to perform Yoga and learn benefits of Yoga. KLID also celebrated World Environment Day. One of the KLID's .arm Secondary and Higher Secondary Schools declared results of Std. Xth and XIIth. The school celebrated International Nashamukta Diwas and Helen Keler Divas. A CRE, were other activities. Praveshotsav was organised with gaity.

KLID's another arm P R Vadhar Artificial Limb Center examined 172 handicapped for their need of aids, appliances and artificial limbs. In a camp of KLID's Dr. Vijay Naik 70 handicapped were rendered artificial hands and legs in June'23. In camps of Jalandhar, Poona and Mumbai. The KLID supplied knee-braces to 250 beneficiaries. At local level 75 beneficiaries were given 29 legs and 54 half legs and supplied 99 knee-braces in a camp in Dhoraji (Gujarat) in July'23. The KLID's third arm Teachers Training College continued its activities and finished admission process.

## ◈ KLID's Praise-worthy Initiatives


For its wards and staff the K. L. Institute for the Deaf (KLID) invited Yoga trainers from Gujarat State Yoga Board to teach Yoga as a part of celebration of International Yoga Diwas. Enthusiastistic wards and staff were happy to perform Yoga and learn benefits of Yoga. KLID also celebrated World Environment Day. One of the KLID's .arm Secondary and Higher Secondary Schools declared results of Std. Xth and XIIth. The school celebrated International Nashamukta Diwas and Helen Keler Divas, a CRE, were other activities. Praveshotsav was organised with gaity.

KLID's another arm P R Vadhar Artificial Limb Center examined 172 handicapped for their need of aids, appliances and artificial limbs. In a camp of KLID's Dr. Vijay Naik 70 handicapped were rendered artificial hands and legs in June'23. In camps of Jalandhar, Poona and Mumbai the KLID supplied knee-braces to 250 beneficiaries. At local level number of 75 beneficiaries were given 29 artificial legs and 54 half legs and supplied 99 knee-braces in a camp in Dhoraji (Gujarat) in July '23. The KLID's third arm Teachers Training College continued its activities and finished admission process.

## ◈ Other Activities

V. C. Lodhawala Maternity & Child Hospital's Free Mega Diagnostic Camp benefiting 109 patients and joining 3 specialist doctos, PNR Special Hospital's charitable rate medical services in ophthal, ortho and ENT Services, Activities of Disha cum Vikas Project of National Trust, New Delhi, Seminar on Niramaya Health Policy of National Trust, New Delhi, JJCT's honour and felicitation to the PNR Society, Monthly Meeting of the departments of the PNR Society, K. N. Shah Hightech Inclusive School's results of Std. Xth and XIÍth, plastic surgery camp of Pravinchandra Dalal Disability Prevention Center, visit of Trainees of Diploma in Special Educatin (M.D.) to special schools, Ankur's Praveshotsav, vaccination, examination in its Teachers' Training College, success stories and important news are carried in this issue.

# "મારી તનુનું ધ્યાન રાખજો બહેન..."



✍ ડો. કવિતા પી. શાહ

એક દિવસ અચાનક જ ત્રિવેણીબહેન તેની લાડલી તનુ (તનુશ્રી) ને તેડીને વર્ગમાં આવ્યાં અને રડવા લાગ્યા, બોલ્યા, "બેન, મારી તનુની ભાળ રાખજો ! મારા કાળજાના કટકાને તમને સોંપી જાઉ છું."



વિધિની વક્રતા પણ કંઈક એવી જ હતી કે થોડા સમયમાં જ ત્રિવેણીબહેનને કાંઈક એવી બીમારી આવી કે ગામે-ગામના ડૉક્ટરો પણ તેની બીમારીનો ઉપાય શોધી શકયા નહીં.

આજથી લગભગ બાર વર્ષ પહેલા મારા નર્સરીના વર્ગની આ વાત છે. વર્ગના બાળકોમાં 'તનુ' એટલે... અક્કડ ચાલ, આંખોમાં ચમક, વર્ગની દરેક પ્રવૃત્તિમાં હંમેશા હોંશે-હોંશે જોડાય અનો બુધ્ધિચાતુર્યથી વર્ગમાં હંમેશા પ્રથમ જ આવે. તનુનો માયાળુ સ્વભાવ. હું વર્ગમાં પ્રવેશ કરું કે તરત જ મારો ચહેરો જોઈને ઈશારાથી કહી દે કે, 'આજે તું કેમ ઉદાસ છો ?' તે મને પરાણે વ્હાલી લાગતી. આમ મારા વર્ગનો ચળકતો સિતારો એટલે તનુ (તનુશ્રી).

એક દિવસ અચાનક તનુના પિતા (જીતુભાઈ) નો ફોન આવ્યો કે બેન તનુની માતા અનંતની વાટે સિધાવ્યા છે. હવે તનુને તેના બારમા (ઉત્તરક્રિયા) માં તેડવા આવીશું. 'અરે... ભાઈ તનુને તેની મમ્મીના છેલ્લા દર્શન પણ ન કરાવ્યા ?' પણ મારી વાત તેમની સમજની બહાર જ હતી. આજે પણ મોટા ભાગના લોકો એવું જ વિચારે છે કે, 'આ મૂંગાને શું ખબર પડે !'

તનુ ઘરેથી પાછી શાળામાં તો આવી, પરંતુ માતાના છેલ્લા દર્શન વિહોણી ! આ દસ વર્ષની બાળાનો મુખ પરનો વિસરાયેલો ભય કોઈને ન દેખાયો. ધીરે-ધીરે તેનું રૂદન રુંધાયુ, તેનો તરવરાટ થંભ્યો અને જોત-જોતામાં મિત્ર વર્ગ સાથેનો અણગમો વધવા લાગ્યો અને એકલતા વધુ ગમવા લાગી. તેના મનના વિચારોની વણઝારના કારણે તેને અસહય માથાનો દુઃખાવો રહેતો. હવે ઘર અને છાત્રાલય બંનેમાંથી, ઘરની માયા વધવા લાગી. તનુ નાની-નાની વાતમાં જીદ કરતી થઈ, તેથી શિક્ષક-ગૃહમાતા અને પિતાને તેના જીદ્દી વલણના કારણે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડયો.

પિતા પર જ આખા ઘરનો આધાર અને બાળ ઉછેરની જવાબદારીને લીધે તે કંટાળીને બોલ્યા, 'બેન મને છાત્રાલયના ધક્કા પોસાતા નથી, હું તનુને શાળામાંથી ઉઠાડી લઉં છું.'

પિતાનું વાકય ખોટું પાડવા મે સતત તનુશ્રીનું કાઉન્સેલિંગ શરૂ કર્યું. તેની દિનચર્યામાં સુધારો કરી, દરેક પ્રવૃત્તિ જેવી કે, સાંસ્કૃતિક, ક્રાફટ, રમત અને સિવણ જેવી સહઅભ્યાસક પ્રવૃત્તિનું જીવનમાં મહત્વ છે, તેના વિશે સમજ આપી અને તેમાં તેને ઈન્વોલ કરી. ધીરે-ધીરે તેનું વર્તન બદલાવા લાગ્યું. પરિણામે...

તેના મિત્રવર્ગનો પણ વધારો થયો.

આખો દિવસ ખૂશ રહેવા લાગી.

વધુમાં શિક્ષક તરફથી મળતા હુંફાળા પ્રેમે તેના વર્તનની સમસ્યા સંપૂર્ણ દૂર કરી.

આમ નોર્મલ બાળક અને દિવ્યાંગ બાળક બંનેમાં લાગણી અને સમજ હોય જ છે. ફકત શ્રવણમંદ બાળક તેને પ્રસ્તુત કરી શકતું નથી, માટે વર્તન સમસ્યા ઉદ્દભવે તેના કારણે ઘણી વખત બાળક પરિવાર અને સમાજથી દૂર ધકેલાય જતું હોય છે. આપણે વિચાર બદલશું, તો જરૂર તનુ જેવી સમસ્યાનો શિકાર બનતા દિવ્યાંગ બાળકોની દિશા બદલાશે.

આજે પણ શાળાના શિક્ષક મિત્રો તનુશ્રીને જોઈ કહે છે કે, 'જુનિયર કવિતાબહેન' આવ્યા. હાલ તનુશ્રીએ SSC ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ધો. ૧૧ માં અભ્યાસ શરૂ કર્યો છે. ત્યારે મને ત્રિવેણીબહેનના એ શબ્દો યાદ આવે છે કે, 'મારી તનુની ભાળ રાખજો બહેન.'

**ઈ-મેઈલ - વોટસઅપથી 'કોશિશ' મેળવો.**

માનવંતા વાચકોને જણાવવાનું કે સંસ્થાનું 'કોશિશ થી કામયાબી' મેગેઝિન આપને હવેથી ઈ-મેઈલ તથા વોટસઅપ દ્વારા મોકલવાનું આયોજન કર્યું છે, તો આપનું **E-Mail ID** તથા વોટસઅપ નંબર અને આપનું નામ નીચેના **E-Mail ID** ઉપર મોકલવા વિનંતી.

**E-Mail : info@pnrsociety.org**

# નેશનલ કોન્ફરન્સ -`૨૩

તા.૧૨ થી ૧૪ જુન`૨૩ ના રોજ શ્રી પી.એન.આર. સોસાયટી દ્વારા **"Current Stetus of and Future Roadmap For the Implementation of NEP 2020 For Equitable and Inclusive Education"** (કરન્ટ સ્ટેટસ ઓફ એન્ડ ફયુચર રોડમેપ ફોર ધ ઈમ્પ્લિમેન્ટેશન ઓફ એન.ઈ.પી.-૨૦૨૦ ફોર ઈકિવટેબલ એન્ડ ઈન્કલુઝિવ એજયુકેશન) વિષય પર RCI ન્યુ દિલ્હી માન્યતા પ્રાપ્ત **ત્રિ દિવસીય નેશનલ કોન્ફરન્સ**નું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં આમંત્રિત મહેમાનો, ફેકલ્ટીઝ, ટ્રસ્ટીગણ, પાર્ટીસિપેન્સનું સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન શ્રીમતી આલોકા ગુહા (ફાઉન્ડર ચેરપર્સન, નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી) ડૉ. સુદેશ મુખોપાધ્યાય (ફોર્મર ચેરપર્સન RCI,ન્યુ દિલ્હી) ડૉ. વસીમ અહમદ(ફેકલ્ટી ઈન સ્પે. એજયુકેશન NIEPID રિઝીઓનલ સેન્ટર, નવી મુંબઈ) તથા આદરણીય ટ્રસ્ટીગણ સર્વશ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, શ્રી ધીરૂભાઈ ધંધુકિયા, શ્રી મહાસુખભાઈ ઝકડિયા, શ્રી પ્રદીપભાઈ ભટ્ટ, શ્રી રાજુભાઈ હકાણી, શ્રી જીજ્ઞાબેન સોલંકી જેવા દિગ્ગજોના વરદ હસ્તે દીપ પ્રાગટય કરી કાર્યક્રમને ખુલ્લો મુકાયો હતો અને નેશનલ કોન્ફરન્સ CRE માં ભાગ લેવા આવેલ પાર્ટીસિપેન્સ માટે એકસપર્ટ ફેકલ્ટીઝ દ્વારા જ્ઞાનનો પ્રવાહ વહેતો મુકવામાં આવ્યો. આ નેશનલ કોન્ફરન્સમાં કુલ ૫૮ પાર્ટીસિપેન્સ એ ભાગ લીધો હતો.




**૧૨/૬/૨૩ પ્રથમ દિવસ :**

ડૉ. દિપક ગંજીવાલા (MOT,આણંદ) દ્વારા અર્લિ ડાઈગ્નોસીસ એન્ડ ઈન્ટરવેન્શન ઓફ ચિલ્ડ્રન ઈન ECCE ઈન IE વિષય પર PPT ના માધ્યમથી જ્ઞાનનો સ્ત્રોત પુરો પાડયો હતો. ડૉ. બ્રિજેશ મિશ્રા (OT અમદાવાદ) દ્વારા **"અર્લિ ડિટેકશન એન્ડ સ્ટ્રેટેજી ગાઈડેન્સ ટુ એજયુકેટર ફોર ઈન્ટરવેન્શન ઓફ ચિલ્ડ્રન ડેવલોપમેન્ટ ડિસેબિલિટી ઈન આંગણવાડી, પ્લેગૃપ એન્ડ ઈન્કલુઝિવ એજયુકેશન"** વિષય પર ખૂબ સરળ ભાષામાં માહિતીનું પ્રદાન કરેલ. શ્રીમતી આલોકા ગુહા (ફાઉન્ડર ચેરપર્સન, નેશનલ ટ્રસ્ટ) દ્વારા **ઓવરવ્યુ ઓફ ઈમ્પ્લિમેન્ટેશન ઓફ NEP 2020 એક્રોસ સ્ટેટ્સ એન્ડ UTs** વિષય પર જ્ઞાન સભર માહિતી આપેલ.

શ્રીમતી હર્ષા જી. રમૈયા (ભાવનગર) દ્વારા "ECCE ઈન કન્ટેકસટ વિથ NEP 2020 ઈમ્પ્લિમેનટેશન ઈન પ્રિ-સ્કૂલ કરન્ટ સ્ટેટસ એન્ડ ફયુચર ચેન્જીસ ફ્રોમ 2023" વિષય પર PPTના માધ્યમથી સરસ માહિતી આપેલ. નેશનલ કોન્ફરન્સનાં ભાગરૂપે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ, જેમાં હાઈટેક ઈન્કલુઝિવ સ્કુલનાં ભૂલકાઓ દ્વારા 'નાની મારી આંખ ...,' અંકૂર સ્કૂલનાં બાળકો દ્વારા **દેશભકિત ગીત**,અંધઉધોગ શાળાના વિદ્યાર્થીની દ્વારા **સોલો સોંગ** 'જિંદગી પ્યાર કા ગીત...', સી.પી. સ્કૂલનાં વિદ્યાર્થીઓ દ્વારા 'કૃષ્ણવતાર', તથા સિલ્વર બેલ્સ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓનો **મારવાડી ડાન્સ** ગેસ્ટ આઈટમ તરીકે રજૂ કરી બધાને મંત્ર મુગ્ધ કરી દિધા હતા. કાર્યક્રમની આભાર વિધિ શાળાના આચાર્ય શ્રી જીજ્ઞાબેન દ્વારા કરવામાં આવી અને સાંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન શ્રી વિભુતીબેન વ્યાસ દ્વારા કરવામાં આવેલ.

**૧૩/૬/૨૩ બીજો દિવસ :**

ડૉ. વસીમ એહમદ (નવી મુંબઈ) દ્વારા ચેલેન્જીસ ઈન ઈમ્પ્લિમેન્ટેશન ઓફ NEP 2020 in UTs વિષય પર PPT ના માધ્યમથી ખૂબ ઉપયોગી એવી માહિતી થી માહિતગાર કરેલ. હાઈપર એજયુકેશન રિફોર્મસ એન્ડ પ્રિવેન્શન ઓફ રિહેબ પ્રોફેશનલસ્ - વિષય પર ડૉ. સુદેશ મુખોપાધ્યાય મેડમ દ્વારા અપડેશન સાથે માહિતીનું પ્રદાન કરેલ. પેપર પ્રેઝેન્ટેશન એન્ડ પોસ્ટર પ્રેઝન્ટેશન અંધશાળાનાં શિક્ષકશ્રી ભાવનાબેન મજીઠિયા, નટરાજ સી.પી. સ્કૂલનાં મ.શિક્ષક શ્રી ખેવનાબેન ઓઝા, શ્રી તૃપ્તીબેન મહેતા, શ્રી દિશાકુમારી શાહ, શ્રી પૂનમ વસા દ્વારા કરવામાં આવેલ.

**૧૪/૬/૨૩ ત્રીજો દિવસ :**

''સકસેસફૂલ એજયુકેશન ઓફ ચિલ્ડ્રન વિથ હીયરીંગ ઈમ્પેરમેન્ટ એન્ડ હાર્ડ ઓફ હીયરીંગ ઈન EI વિથ સેમ્પલ કેસ સ્ટડી'' વિષય પર ડૉ. સંતોષ યાદવ દ્વારા સમજાવવામાં આવેલ. ''કવીઝ ઓન NEP 2020" વિષય પર શ્રીમતી જીજ્ઞાબેન સોલંકી દ્વારા વિસ્તૃત માહિતીનો સ્ત્રોત પૂરો પાડેલ. બિપરજોય વાવાઝોડાના પ્રભાવને લીધે જે ફેકલ્ટીઝ હાજર રહી શકી નથી, તેઓએ ONLINE ના માધ્યમથી પાર્ટિસીપેન્ટ માટે માહિતીનો અખૂટ ભંડાર ખોલી દિધો હતા જેમા... ડૉ.સુજાતા ભાન (મુંબઈ) દ્વારા ''ટ્રાન્સફોરમિંગ અ વિઝન ઈન ટૂ અ રિયાલિટી ઈન હાયર એજયુકેશન'' વિષય પર, ડૉ.ભૂષણ પુનાની (BPA અમદાવાદ) દ્વારા ''રોલ ઓફ NGOs ઈન ઈમ્પ્લિમેન્ટેશન NEP 2020'' વિષય પર, ડૉ. ભરત જોષી (BPA અમદાવાદ) દ્વારા "RPWD Act એન્ડ કરન્ટ સ્ટેટસ ઓફ ઈટ્સ ઈમ્પ્લિમેન્ટેશન ઈન ગુજરાત'' વિષય પર, ''નેશનલ કરિકયુલમ ફ્રેમવર્ક ૨૦૨૩ એટ ફાઉન્ડેશન લેવલ'' વિષય પર શ્રી અશોકભાઈ જાની દ્વારા લેવામાં આવેલ. શ્રી ધર્મેશભાઈ ગોહિલે ''કંડકટિવ ફોરમેટિવ અસેસમેન્ટ એન્ડ મેન્ટેનિંગ ઈટ્સ ડિઝિટાઈઝડ રેકોર્ડ'' પર સેશન લઈ માહિતી આપેલ.

આમ આ મહાયજ્ઞ સમાન ત્રિદિવસીય નેશનલ કોન્ફરન્સ શ્રી જીજ્ઞાબેન સોલંકીનાં માર્ગદર્શન હેઠળ અને સૌ સ્ટાફ મિત્રોના સહકારથી ખૂબજ સફળતાપૂર્વક પૂર્ણ થયેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મ. શિ. શ્રી ખેવનાબેન ઓઝા દ્વારા કરવામાં આવેલ.

# શાળા પ્રવેશોત્સવ -`૨૩

તા.૨૩ જૂનના રોજ શ્રી પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલ તથા કે.એન.શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના સંયુકત ઉપક્રમે યોજાયેલ **શાળા પ્રવેશોત્સવ ૨૦૨૩**ના પ્રસંગે નવા આગંતુક બાળકોને શૈક્ષણિક કીટ, વ્હીલચેર વગેરે અર્પણવિધિના ઉપક્રમે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં અધ્યક્ષ સ્થાને મુખ્ય મહેમાન શ્રી આર.કે.મહેતા, IAS (કલેકટર અને ડિસ્ટ્રિકટ મેજીસ્ટ્રેટ, ભાવનગર) અતિથિ વિશેષમાં શ્રી બી.જે.પટેલ (એડિશનલ કલેકટર), શ્રી ભગીરથસિંહ ચુડાસમા (SDO, ભાવનગર જિલ્લા), DEO ઓફિસમાંથી શ્રી કિરીટભાઈ ભુવા (EI), શ્રી રામજીભાઈ સેતા (AEI), તથા સંસ્થાના ટ્રસ્ટીગણની ઉપસ્થિતીએ કાર્યક્રમને નવી દિશા અને ઉત્સાહમાં નવો ઉજાસ પાથરેલ. કાર્યક્રમની શરૂઆત સી.પી. સ્કૂલના વિદ્યાર્થીઓની પ્રાર્થનાથી કરવામાં આવેલ. હાઈટેક સ્કૂલના વિદ્યાર્થીઓએ અભિનય ગીત રજૂ કરી વાતાવરણ આનંદિત બનાવી દીધેલ.

કાર્યક્રમમાં ઉપસ્થિત આમંત્રિત મહેમાનોનું સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ દ્વારા પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. આ પ્રસંગે સંસ્થાની ડોકયુમેન્ટ્રી ફિલ્મ બતાવવામાં આવી. ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યું. તેમજ નવા આગંતૂક વિદ્યાર્થીઓને કિટ વિતરણ અને વ્હીલચેર અર્પણ કરી નવી શૈક્ષણિક સફરની શુભેચ્છા પાઠવવામાં આવી. આ પ્રવેશોત્સવમાં નટરાજ સી.પી. શાળાનાં ૧૦ વિદ્યાર્થીઓ તથા કે.એન.શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના ૧૦ દિવ્યાંગ વિદ્યાર્થીઓ સાથે કુલ ૮૯ વિદ્યાર્થીઓએ શાળામાં પ્રવેશ મેળવેલ.



આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ કલેકટર શ્રી આર.કે. મહેતા સાહેબે, ‘‘દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે આ સંસ્થામાં થતી અનેકવિધ પ્રવૃત્તિઓ માટે પોતે ખૂબ અનુકંપા અનુભવે છે’’, તેમ જણાવ્યું હતું. SDO શ્રી ભગીરથસિંહ ચુડાસમા અને એડિશનલ કલેકટર શ્રી બી.જે.પટેલ સાહેબે પ્રસંગોચિત ઉદ્‌બોધન કરી સંસ્થાની પ્રવૃતિઓને બીરદાવી લાગણી સભર વકતવ્ય આપેલ.

આ પ્રસંગે સંસ્થાના માનદ્‌ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરર શ્રી એચ.પી. રાખશિયા, ટ્રસ્ટી શ્રી મહાસુખભાઈ ઝકડિયા, શ્રી પ્રદીપભાઈ ભટ્ટ બંને શાળાના વિદ્યાર્થીઓ, વાલીઓ અને કર્મચારીગણ વિગેરે ઉપસ્થિત રહયાં હતાં.

કાર્યક્રમની આભારવિધિ શ્રી ડી.જે.ધંધુકિયાએ કરેલ તથા કાર્યક્રમ સંચાલનનું શ્રી જીજ્ઞાબેનના માર્ગદર્શન હેઠળ મ. શિક્ષક શ્રી ખેવનાબેન ઓઝાએ કરેલ.

## પી.એન.આર. સોસાયટીનું JJCT અમદાવાદ દ્વારા સન્માન



જસવંતલાલ પ્રવિણલાલ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદની સંસ્થા **મનોદિવ્યાંગ પુનઃવસન કેન્દ્ર**માં મનોદિવ્યાંગ બાળકોના પુનઃસ્થાપનનું કાર્ય છેલ્લાં ૧૯ વર્ષથી કરે છે.

આ ટ્રસ્ટ દ્વારા ગુજરાત રાજયમાં મનોદિવ્યાંગ બાળકો પર કામ કરતી સંસ્થાઓની માહિતી એકઠી કરી, તેમાંથી દિવ્યાંગો માટે કામ કરતી રેસીડેન્સિયલ સ્કૂલોની કામગીરીને બીરદાવવાના હેતુથી આપણી પી.એન.આર. સોસાયટીની પસંદગી કરવામાં આવી હતી.

JJCT અમદાવાદ દ્વારા જણાવવામાં આવ્યું કે ‘‘પી.એન.આર. સોસાયટી મનોદિવ્યાંગ બાળકોની જિંદગી માટે શ્રેષ્ઠતમ અમૂલ્ય કાર્ય કરી રહ્યા છો આપની નિષ્ઠા, પરિશ્રમ અને કર્તવ્યપરાયણતા પર ગૌરવ છે. આ બાળકોને રાખવા માતા-પિતા માટે પણ અઘરું છે ત્યારે તેમના માટે સંસ્થાએ રહેવાની, રાખવાની ઉત્તમ વ્યવસ્થા કરી તે બદલ અમો, આ સમાજ, આ પરિવાર પી.એન.આર. સોસાયટી માટે કૃતજ્ઞતાની લાગણી વ્યકત કરીએ છીએ.

આપે મનોદિવ્યાંગોના ઉત્કર્ષમાં વિશિષ્ટ યોગદાન બદલ આપના કર્મયોગને ઐશ્વર્યુકત કામનાઓ સાથે સંસ્થાની સેવાઓ અવિરત આ પરિવારોને, સમાજને, રાષ્ટ્રને અવિરત પ્રાપ્ત થતી રહે તેવી મંગળ ભાવના સાથે આજ તા. ૫ જૂન`૨૩, વિશ્વ પર્યાવરણ દિવસે સન્માનિત કરતા અમો હર્ષ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.’’

પી.એન.આર. સોસાયટીના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહે આ એવોર્ડ સંસ્થાવતી સ્વીકારેલ હતો. તેમજ આ ફંકશનમાં શ્રી જિજ્ઞેશભાઈ પારેખ પણ હાજર રહ્યા હતાં.

## શ્રીમતી રશ્મિ-મનહર સહાયનિધિ કોર્પસ ફંડ

કે.એલ. સંસ્થામાં જરૂરિયાતમંદ બધિર વ્યક્તિ/કુટુંબને આખું વર્ષ ચાલે તેટલું અનાજ તથા જીવન જરૂરિયાતની વસ્તુ રાહતદરે આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૩ નું **મહાઅન્નદાન** યોજાયેલ. જેમાં કુલ ૧૫૧ બધિર લાભાર્થી અને ૪૨ બાળકોને અનાજ આપવામાં આવેલ છે. જેમાં દરેકને ૫૦ કિ. ઘઉં, ૫ કિ. ચોખા, ૧૫ કિ. તેલ, ૧૦ કિ. ખાંડ, ૩ કિ. તુરદાળ, ૩ કિ. ચણાદાળ, ૨ કિ. મગછડી, ૧ કિ. મગ, ૧ કિ. ચણા, ૧ કિ. છોલે, ૧ કિ. વટાણા, ૧ કિ. ચા, ૧ કિ. મરચુ, ૧ કિ. ધાણાજીરૂ, રાય, જીરૂ, હીંગ, હળદર દરેક વસ્તુ ૫૦૦ ગ્રામ, ન્હાવાના સાબુ દરેક પ્રકારના સાબું ૧૦ નંગ, ડિટર્જન્ટ પાવડર ૫ કિ, મોટી ટૂથપેસ્ટ આ ઉપરાંત શ્રી નરેશભાઈ પારેખ તરફથી કુટુંબ દીઠ દરેકને ઠંઠાપીણાની બોટલ આપવામાં આવી. ૪૨ બાળકોને દરેકને ૨૬ કિ. ઘઉં, ૨ કિ. તેલ, ૨ કિ. ખાંડ અને દરેક બાળકને ઠંડા પાણીની શાળાએ લઈ જઈ શકે તેવી બોટલ નંગ-૧ આપવામાં આવેલ. આ વિતરણ ૫ દિવસ ચાલેલ અને તે દરમ્યાન સંસ્થાના મંત્રીશ્રી તથા ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ. આ યોજનાનો તમામ કાર્યભાર શ્રીમતી બિન્દીબેન ત્રિવેદી સંભાળે છે.

-બિન્દીબેન ત્રિવેદી



# નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



વિભૂતિ વ્યાસ

## સ્વાગત સત્કાર

તા. ૫ જૂનના રોજ ઉનાળું વેકેશન પૂર્ણ થયા બાદ નવા સત્રનાં પ્રારંભમાં શાળા ફરી વિદ્યાર્થીઓના કલબલાટ અને ખીલેલા સ્મિત સાથે ધમધમતી થઈ. વિદ્યાર્થીઓ નવા સત્રમાં નવા સંકલ્પ અને દૃઢ મનોબળ સાથે અટકી પડેલી વિકાસની યાત્રાને આગળ ધપાવવા કટીબધ્ધ થયા છે. શાળાના આચાર્યશ્રી જીજ્ઞાબેનના માર્ગદર્શન હેઠળ શ્રી તૃપ્તિબેન મહેતા દ્વારા વિદ્યાર્થીઓના આ મનોબળને પ્રોત્સાહનના ભાગરૂપે, વિદ્યાર્થીઓને તિલક અને મિઠા આવકાર તથા સ્વિકાર સાથે સંપૂર્ણ સહયોગ માટે કટિબધ્ધ થયા છે. નવા પ્રવેશ પામેલા બાળકોને સમગ્ર સી.પી. સ્કૂલના સ્ટાફ દ્વારા હૂંફ અને લાગણી સાથે આવકાર આપવામાં આવેલ.

## વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી



તા.૫ જૂનનાં રોજ વિશ્વ પર્યાવરણ દિવસની, વૃક્ષારોપણ સાથે ઉજવણી કરવામાં આવી. જેમાં રોજીંદા વપરાતા કિચન પ્લાન્ટ જેવાં કે તુલસી, અરડુસી, ગ્રીન ટી, એલોવેરા જેવા છોડનું રોપણ કરવામાં આવ્યું. વૃક્ષારોપણ શાળાનાં આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકી તથા સમગ્ર સ્ટાફ સાથે વિદ્યાર્થીઓના હસ્તે કરવામાં આવ્યું હતું.**પર્યાવરણની જાળવણી એજ આપણી સુરક્ષા**, એ હેતુથી વૃક્ષારોપણ કરવામાં આવેલ.

## વિશ્વ યોગ પખવાડિયું

તા.૦૯ થી ૨૧ જુને ૨૩ સુધી સ્વાસ્થ્યવર્ધક અને આરોગ્ય પ્રધાક એવા યોગ પખવાડિયાની ઉજવણી કરવામાં આવેલ. જેના અંતર્ગત રોજ-રોજ નવી પ્રવૃત્તિઓ કરવવામાં આવેલ જેમ કે યોગ, રમત, ચિત્ર સ્પર્ધા, યોગ જાગૃતિ રેલી, યોગ માર્ગદર્શન શિબીર, યોગ પ્રવચન, યોગ ડેમોસ્ટ્રેશન વગેરે કરવામાં આવેલ. આ પ્રવૃત્તિનું સમગ્ર સંચાલન શ્રી ખેવનાબેન ઓઝા દ્વારા કરવામાં આવેલ.



## નશામુકત શપથ અભિયાન કાર્યક્રમ :



તા. ૨૬ જૂનના રોજ શ્રી પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલમાં દ્રવ્યોના દૂરોપયોગ અને અવૈધ તસ્કરી વિરૂધ્ધના આંતરરાષ્ટ્રિય જાગૃતિ દિવસની ઉજવણીના ભાગરૂપે, નશામુકત ભારત અભિયાન અંતર્ગત **શપથ કાર્યક્રમનું** આયોજન કરવામાં આવેલ. જેમાં સંસ્થાના કુલ ૪૦ બાળકો, ૨૦ કર્મચારીઓ તથા ૫ સ્ટુડન્ટ Dse. M.D. એમ કુલ ૬૫ લોકોએ ઉત્સાહભેર ભાગ લઈ શપથ લીધેલ. નશામુકત ભારત માટે દિવ્યાંગ બાળકોએ નશામુકત સમાજના નિર્માણમાં પોતાની ભાગીદારી નોંધાવી, તથા દેશના જવાબદાર નાગરિક તરીકેની ફરજ બજાવેલ.

## ગુરૂપૂર્ણિમા ઉજવણી

> 'ગુરૂ ગોવિંદ દોનો ખડે,
> કિસકો લાગુ પાય!
> બલિહારી ગુરૂ આપકી,
> ગોવિંદ દિયો બતાય!'

ઉપરોકત પંકિતને સાર્થક કરતા તા- ૩ જૂલાઈના રોજ ગુરૂપૂર્ણિમાની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી, કાર્યક્રમની શરૂઆતમાં સી.પી. સ્કૂલના વિદ્યાર્થી કૃણાલ આહિર અને સોલંકી કેવલે ગુરૂવંદનાના શ્લોક અને ભજન દ્વારા વાતાવરણ ભકિતમય બનાવી દીધું હતું, સાથે દિશા કમ વિકાસ પ્રોજેકટના વિદ્યાર્થીઓ દ્વારા શ્લોકગાન અને વેશભૂષા પ્રસ્તુત કરવામાં આવેલ. મ. શિ.શ્રી વરૂણભાઈ વ્યાસે, 'ગુરૂપૂર્ણિમા શા માટે ઉજવવામાં આવે છે ?' તેનું મહત્વ સમજાવ્યું હતું. ત્યારબાદ ખરા અર્થમાં ગુરૂ અને પથદર્શક એવા આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકી, સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી

પારસભાઈ શાહ અને સિનીયર ઓક્યુપેશનલ થેરાપિસ્ટ એવા ડૉ. અમીત મિત્રાનું કંકુ-ચોખાથી પૂજન કરવામાં આવેલ અને આશીર્વાદ સાથે શુભકામના મેળવેલ. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકોનું (ગુરૂજનોનું) પણ કંકુ ચોખાથી પૂજન કરેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી ખેવનાબેન ઓઝાએ કરેલ.

## SMC મિટીંગ :



તા. ૨૭ જૂનના રોજ સ્કૂલ મેનેજમેન્ટ કમિટીની મિટીંગ સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડના અધ્યક્ષસ્થાને રાખવામાં આવેલ. સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, શાળાના આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકી તથા કમિટીના કુલ ૧૨ સભ્યોની હાજરીમાં શાળાના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રયુકિતઓ, વાલીઓને પૂરતું માર્ગદર્શન અને તેમનો સંપૂર્ણ સહયોગ અને વાલી મંડળની ભાગીદારી જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવેલ. મિટીંગ આયોજન કો-ઓર્ડિનેટર શ્રી જયોતિબેન પરમાર દ્વારા કરવામાં આવેલ.

## જન્મદિવસની ઉજવણી :

તા. ૨૮ જૂનના રોજ પી.એન.આર. સોસાયટી સંચાલિત મહુવા રિસોર્સ સેન્ટર ખાતે દિવ્યાંગ બાળકોના જન્મદિવસની ઉજવણી કરવામાં આવેલ. જેમાં મોઠિયા સૌમ્ય અને જમણી આયેશાના પરિવાર તરફથી બાળકોને નાસ્તો, સ્લેટ-પેન, બોલ તથા એજયુકેશન ચાર્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા સેન્ટરના સંચાલક શ્રી સ્મિતાબેન ટાપણિયા તથા તેની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.



**Respected Vadil Shri Anant Bhai and Shri Parasbhai**

Thank you for your condolences and will convey the same to the Doshi family who has been associated with the august institution since the early '70s and has seen the fabulous work extending to so many needy and underprivileged sections of society in Saurashtra, Gujarat and beyond.

Last several years our Company has been contributing a small amount through CSR with the kind grace and benevolence of our majority JV partner Shri Dinesh Ramachandran the fourth generation scion from the esteemed TVS family and the support of our Board of Directors and my father was very happy with this happening. Will pass on the message of the condolences offered to our Board of Directors too.

Papa's ex- partners from the textile business -the Parekh family continue to be actively involved and connected and that has been a huge consolation and source of joy for my father.


As per my father's wishes and desire we will continue our association going forward in the best manner possible in every which way possible for the good work and God's work done by your good selves and your dedicated team.

Papa was a karma yogi and touched many lives and he lived a full independent life till the end and was an epitome of 'simple living- high thinking' and would have completed 94 years this 31st July,2023.

We pray for his Sadgati and Satvik continuity towards paramgatim.
Thank you once again for your condolences.
With best regards and reverence,
Jai Shree Krishna

**- Raseshbhai Doshi**

# કે. એન. શાહ
# 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ



ધીરુભાઈ ધંધુકિયા

## ઓફિસ પ્રવેશ :



સ્કૂલમાં ૪ મે ના રોજ સેકેન્ડ ફલોરની પ્રિન્સિપાલ ઓફિસમાં વિધિવત રીતે પ્રવેશ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી શ્રી બાબાભાઈ, શ્રી ઈલાબેન, સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, ટ્રેઝરર શ્રી એચ.પી. રાખશિયા, હાઈટેક સ્કૂલના ચેરમેન શ્રી ધીરૂભાઈ ધંધુકિયા, સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી હિતેનકુમાર પંડયા, શિક્ષક શ્રી દક્ષાબેન પંડયા અને શ્રી કવિતાબેન શાહ ઉપસ્થિત રહ્યાં હતાં. આ ખાસ પ્રસંગની શરૂઆત ભારતીય સંસ્કૃતિ પ્રમાણે કંકુના તિલક ચોખાથી કરવામાં આવેલ. સૌ પ્રથમ શ્રી બાબાભાઈના વરદ હસ્તે ઓફિસને તિલક કરી તાળીઓના ગડગડાટથી ઉદ્દઘાટન કરવામાં આવ્યું. ત્યારબાદ તમામ ટ્રસ્ટીશ્રીઓએ વારાફરતી કંકુ તિલક કરી ઓફિસમાં પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી શ્રી બાબાભાઈએ, શાળાની ઉત્તરોત્તર પ્રગતિ થાય તેમજ સફળતાના શિખરો સર કરે તેવા શુભાશિષ પાઠવ્યાં હતાં. ત્યારબાદ ઉપસ્થિત તમામ ટ્રસ્ટીશ્રીઓએ પ્રિન્સિપાલ શ્રી હિતેનકુમાર પંડયાને શુભેચ્છાઓ પાઠવી હતી.

## ધો. ૧૦નું પરિણામ :

સ્કૂલમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ માર્ચ-૨૩ ધો. ૧૦નું પરિણામ તા. ૨૫ મે ૨૩ ના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. તેમાં હાઈટેક સ્કૂલનું પરિણામ ૬૮.૭૫% આવ્યું અને આ પરીક્ષામાં કુલ ૧૬ બાળકોમાંથી ૧૧ પાસ થયા તેમજ ૪ દિવ્યાંગ બાળકોમાંથી ૩ પાસ થયા છે. શાળા કક્ષાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી ગોહેલ આર્યન તુષારભાઈ જે ૯૪.૪૧ PR સાથે, દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી માંગુકિયા દીપ અરવિંદભાઈ જે ૯૩.૩૯ PR સાથે ઉતિર્ણ થઈને શાળાનું ગૌરવ વધારેલ છે. આ કાર્ય સિધ્ધિ માટે શાળા પરિવાર આ બંને વિદ્યાર્થીઓને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવે છે તેમજ દરેક વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ આપે છે.



## ધો. ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ :

સ્કૂલમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ માર્ચ-૨૩ ધો. ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ તા. ૩૧ મૈં ૨૩ ના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. તેમાં હાઈટેક સ્કૂલનું પરિણામ દિવ્યાંગ બાળકો સાથે ૬૮.૪૨% આવેલ. આ પરીક્ષામાં હાઈટેક સ્કૂલના કુલ ૨૨ વિદ્યાર્થીમાંથી ૧૩ પાસ થયા હતાં અને જે વિદ્યાર્થીઓ નાપાસ થયા છે તેમાંથી એક વિદ્યાર્થી રિક્ષા ચલાવે અને અન્ય વિદ્યાર્થીઓ મજૂરી કામ કરે છે. તેમજ ગયા વર્ષના કોરોનાના કારણે માસ પ્રમોશનવાળા વિદ્યાર્થીઓ છે. આ વખતે તેઓએ બોર્ડની પરીક્ષા પહેલીવાર આપેલ છતાં સારું પરિણામ પ્રાપ્ત થયેલ. શાળા કક્ષાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીની રાઠોડ કૃપાલી હિતેશભાઈને ૯૫.૦૬ PR, દ્વિતીય ક્રમાંકે રાઠોડ કિરણ જગદીશભાઈને ૯૦.૫૩ PR અને તૃતિય ક્રમાંક રોજાસરા જિજ્ઞેશા પ્રવિણભાઈને ૮૭.૫૩ PR સાથે ઉત્તીર્ણ થઈને શાળાનું ગૌરવ વધારેલ છે. આ કાર્ય સિધ્ધિ માટે શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયાએ આ વિદ્યાર્થીઓને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય અને કારકિર્દી માટે શુભેચ્છા આપેલ.

## વિશ્વ યોગ દિવસ :



સ્કૂલમાં તા. ૨૧ જૂનના રોજ બાલમંદિરથી ધો. ૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓ દ્વારા કુદરતી વાતાવરણમાં વિવિધ યોગાસનો કરી **વિશ્વ યોગ દિવસ** ઉજવવામાં આવ્યો હતો. યોગ કરવાથી થતા ફાયદા, આસનોથી શારીરિક અને કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલમાં


તા. ૨૧ જૂનના રોજ બાલમંદિરથી ધો. ૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓ દ્વારા કુદરતી વાતાવરણમાં વિવિધ યોગાસનો કરી **વિશ્વ યોગ દિવસ** ઉજવવામાં આવ્યો હતો. યોગ કરવાથી થતા ફાયદા, આસનોથી શારીરિક અને માનસિક રીતે થતો સર્વાંગિ વિકાસ જેવી જાણકારી વિદ્યાર્થીઓને આપવામાં આવેલ. સાથે તેઓ નિયમિત યોગાસન કરે અને મન તથા તનથી તંદુરસ્ત રહે તે માટેની જાણકારી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓની શારીરિક અને માનસિક શક્તિઓની ખીલવણી માટે યોગાસનો કરાવવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક શ્રી દક્ષાબેન પંડયાએ કરેલ તથા કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવેલ.



# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

✍ અમિત મિત્રા



### ગ્લોબલ એક્સેસબિલિટી અવેરનેસ ઉજવણી

તા. ૧૮ મે'૨૩ ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેક્ટ દ્વારા **ગ્લોબલ એક્સેસબિલિટી અવેરનેસ ડે**ની ઉજવણી કરવામાં આવેલ. જેમાં વાલીગણને કોમ્પ્યુટરને લગતી માહિતી જેમકે કોમ્પ્યુટર સોફ્ટવેર તથા મોબાઈલ ટેબલેટ, લેપટોપ દ્વારા બાળકોમાં વિવિધ સ્પીચને લગતા સોફ્ટવેર વિશે માહિતી આપવામાં આવી. જેમાં **આવાઝ એપ** પર બાળકોને સ્પીચથેરાપી કેવી રીતે આપવી, તે અંગે વાલીગણને સ્ટાફ દ્વારા માહિતી આપવામાં આવેલ. ત્યાર બાદ બાળકોને મનોરંજન સાથે જ્ઞાન આપતા કન્ટેન્ટ ઈન્ટરનેટ પર કેવી રીતે શોધી શકાય? તે અંગે ડેમોસ્ટ્રેશન બતાવવામાં આવ્યું.

### નેશનલ ટ્રસ્ટ દ્વારા એક દિવસીય મિટીંગ



તા. ૨૨ મે'૨૩ ના રોજ અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે, નેશનલ ટ્રસ્ટ દ્વારા રજીસ્ટ્રેશન ધરાવતી ગુજરાતની તમામ સંસ્થાઓનો એક દિવસીય મિટીંગનું આયોજન કરવામાં અવેલ. જેમાં સંસ્થા વતી સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ તથા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર ડો. અમિત મિત્રાએ મિટીંગમાં હાજરી આપેલ હતી. જેમાં સંસ્થાનાં સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ દ્વારા સંસ્થાની કામગીરી અંગે ખૂબ સારી રજૂઆત કરવામાં આવી હતી તથા પી.એન.આર. માં ચાલતા **દિશા કમ વિકાસ** પ્રોજેક્ટ વિશે માહિતી આપવામાં આવી હતી.

### નેશનલ કોન્ફરન્સ -'૨૩

તા.૧૨ થી ૧૪ જુન ૨૩ દરમ્યાન શ્રી પી.એન.આર. સોસાયટી દ્વારા નેશનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ જેમાં દિશા કમ વિકાસ પ્રોજેક્ટમાંથી બન્ને સ્પેશ્યલ એજયુકેટરે પાર્ટિસીપેન્સ કરેલ. નેશનલ એજયુકેશન પોલીસીના કારણે શિક્ષણ પ્રણાલીમાં આવેલ આમૂલ પરિવર્તન અને દિવ્યાંગ બાળકોના શિક્ષણમાં પ્રાપ્ત થયેલ લાભો અંગે માહિતી PPT ના માધ્યમથી ઉદાહરણ સહિત રસપ્રદ રીતે આપવામાં આવેલ.નેશનલ કોન્ફરન્સનાં ભાગરૂપે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં દિશા કમ વિકાસ પ્રોજેક્ટના બાળકો દ્વારા પ્રાર્થના "એક તુ હી ભરોસા" સોંગ પર પરર્ફોમ કરવામાં આવ્યું હતું.

### વિશ્વ યોગ દિવસ -'૨૩


તા.૨૧ જૂનને બુધવારનાં રોજ નટરાજ સી.પી. સ્કૂલની સાથે આ પ્રોજેક્ટના બાળકોએ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરી હતી. જેમાં સી.પી. સ્કૂલના સ્ટાફ અને બાળકો સાથે દિશા કમ વિકાસ પ્રોજેક્ટના સ્ટાફ શ્રી હર્ષાબેન પાડલિયા અને બાળકો દ્વારા યોગના જુદા જુદા આસનો અને મુદ્રાઓ કરવામાં આવેલ.બાળકોને યોગના ફાયદા અને યોગ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવવામાં આવી હતી.

### શાળા પ્રવેશોત્સવ -'૨૩

તા.૨૩ જૂનના રોજ નટરાજ સી.પી. સ્કૂલની સાથે આ પ્રોજેક્ટના બાળકોનો શાળા પ્રવેશોત્સવ ૨૦૨૩ના પ્રસંગે, નવા આગંતુક બાળકોને શૈક્ષણિક કીટ આપવામાં આવી હતી. જેમાં આ પ્રોજેક્ટના ૫(પાંચ) બાળકોને એજયુકેશન કીટ આપવામાં આવી હતી.

### ગુરૂપૂર્ણિમા નિમીત્તે દુઃખીશ્યામ બાપાના મંદિરમાં દર્શન

તા.૩ જુલાઈના રોજ દિશા કમ વિકાસ પ્રોજેક્ટના બાળકોને ગુરૂપૂર્ણિમા નિમીત્તે દુઃખીશ્યામ બાપાના મંદિરમાં દર્શન કરવા માટે લઈ ગયેલ; બાળકોએ મંદિરમાં દર્શન કર્યા બાદ, મંદિરની પ્રદક્ષિણા કરી અને ધુન ગવાતી હતી, તેમાં સાથે જોડાયા હતાં ત્યાર બાદ ગુરૂપૂર્ણિમા નિમીત્તે મંદિરમાં દરેક બાળકો તથા સ્ટાફને બુંદી અને ગાઠિયાની પ્રસાદી આપવામાં આવી હતી.



## ગુરૂપૂર્ણિમા ઉજવણી



તા.૩ જુલાઈના રોજ પ્રોજેકટના બાળકો અને શિક્ષકગણ દ્વારા

ગુરૂપૂર્ણિમા ઉત્સવની હર્ષઉલ્લાસ ભેર ઉજવણી કરવામો આવેલ. જેમાં શિક્ષકગણ દ્વારા સૌ શિક્ષકોના ગુરૂ શ્રી જીજ્ઞાબેન સોલંકી, શ્રી પારસભાઈ શાહ અને ડો. અમીત મિત્રા નું તીલક લગાવી, આરતી ઉતારી પૂજન કરવામાં આવ્યું હતું. દરેક વિદ્યાર્થીઓ દ્વારા તેમનાં વર્ગશિક્ષકનું તિલક લગાવી આરતી ઉતારી પૂજન કરવામાં આવ્યું હતું. દિશા કમ વિકાસ પ્રોજેકટના બાળકો દ્વારા ગુરૂવંદના અને ગુરૂજીનું પાત્ર ભજવવામાં આવ્યું હતું.



# પી. એન. આર. હૉસ્પિટલ



મહાસુખભાઈ જકડિયા

**મે - જૂન - ૨૩ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા | |
|---|---|---|---|---|
| | મે | જૂન | મે | જૂન |
| ઓર્થોપેડિક | ૭૦ | ૧૨૯ | ૦૩ | ૦૩ |
| આંખ | ૯૧૮ | ૮૬૩ | ૩૧૦ | ૨૯૪ |
| આંખની છારી | ૩૩ | ૩૯ | - | - |
| ઈ.એન.ટી. (કાન-નાક-ગળા) | ૩૩૫ | ૩૧૯ | ૧૩૦ | ૧૩૫ |
| ઓર્થોસ્કોપી | ૪૧ | ૩૬ | - | ૦૨ |
| ઓર્થોડેન્ટલ | ૧૭૩ | ૧૭૩ | ૧૬૪ | ૧૫૫ (ટ્રિટમેન્ટ) |
| જનરલ ઓપીડી | ૪૬૫ | ૪૬૮ | - | - |
| એક્ષ-રે | ૬૦ | ૬૯ | - | - |
| લેબોરેટરી | ૩૩૯ | ૩૧૯ | ૧૧૨૬ | ૧૦૯૬ (ટેસ્ટ) |


| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા | |
|---|---|---|---|---|
| | મે | જૂન | મે | જૂન |
| ચામડી | ૨૬ | ૨૫ | - | - |
| પેડિયાટ્રિક ડેન્ટલ | ૦૪ | ૦૨ | ૦૨ | ૦૨ |
| આંખના પડદા | ૧૯ | ૩૨ | - | - |
| પેઈન મેનેજમેન્ટ વિભાગ | ૧૪૨ | ૮૦ | - | - |
| M. D. ફિઝીશ્યન વિભાગ | ૧૦૪ | ૧૦૯ | - | - |

### પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર


| | | | | |
|---|---|---|---|---|
| પ્લાસ્ટિક સર્જરી | ૨૬ | - | ૧૦ | - |
| હેર ઈમ્પ્લાન્ટ | ૦૩ | ૧૦ | ૦૪ | ૦૪ |
| રૂબેલા વેકિસન | ૦૬ | ૦૩ | - | - |

- ◈ સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૭૫** લાભાર્થીઓએ **રૂા. ૧૪૪૨૦/-** ની સહાય મેળવેલ છે.
- ◈ મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૧૬** લાભાર્થીઓએ **રૂા. ૨૫૮૦/-** ની સહાય મેળવેલ છે.
- ◈ મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૦૪** લાભાર્થીઓએ **રૂા. ૧૪૪૦/-** ની સહાય મેળવેલ છે.
- ◈ સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૭૦** લાભાર્થીઓએ **રૂા. ૭૨૪૦/-** ની સહાય મેળવેલ છે.

# દર્દીઓની સુવિધામાં ઉપલબ્ધ વધુ એક ફેકો મશીન



PNR હોસ્પિટલમાં મોતિયાના ઓપરેશનની સંખ્યા દિવસે-દિવસે વધી રહી છે, વિનામૂલ્યે અને રાહતદરે થતા આ ઓપરેશનના દર્દીઓની સુવિધા માટે વધુ સાધનની જરૂરિયાત ઉભી થતા, આંખના ટાંકા વગરના ઓપરેશન માટેનું એડવાન્સ ટેકનોલોજી મશીન સ્વીડન કાં.નું ફેકો મશીન દાતા શ્રીમતી વ્રજકુંવર ઉત્તમચંદ અજમેરા (મુંબઈ) ના સૌજન્યથી શ્રી રમેશભાઈ અજમેરા તરફથી સંસ્થાને પ્રાપ્ત થયેલ છે. આ માટે સંસ્થા પરિવાર દાતાશ્રીનો આભાર માને છે



# પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર



જીજ્ઞેશ પારેખ

## પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :



તા. ૩ થી ૬ જૂન ’૨૩ ના રોજ **કોન્જીનીટલ ડિફોરમિટી પ્રોજેક્ટ** અન્વયે **પ્લાસ્ટિક સર્જરી કેમ્પ**નું આયોજન દાતા શ્રી જીતેન્દ્રભાઈ ભણસાલી-મુંબઈના આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ **૩૮** બાળકોની તપાસ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન) દ્વારા કરવામાં આવી હતી. તે પૈકી **૩** કપાયેલાં હોઠના, **૨** તાળવામાં કાણું, **૫** પોસ્ટ બર્ન, એમ કુલ **૧૦** ઓપરેશન મુંબઈના ડૉ. નરેશ વાધવાએ કર્યાં હતાં. આ કેમ્પ અન્ય સહયોગીઓ ડૉ. નિરવ ધોળકિયા, ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક) તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમતથી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## Lady Egremont Pediatric Ophthalmic Centr

✚ ત્રાંસી આંખનું ઓપરેશન બાળકની અમુક ઉંમર કે દેખાવાની દ્રષ્ટિ હોય તે દરમ્યાન જો ન કરવામાં આવે તો બાળક ધીરે-ધીરે જોવાની દ્રષ્ટિ ગુમાવે છે. ત્રાંસી આંખ ચહેરાની સુંદરતાને મારી નાખે છે. આ બધું તો ઠીક, પરંતુ જયારે નાના બાળકોને ત્રાંસી આંખ, ઢળેલી પાંપણ, બાળ મોતિયો, આંખમાં ફુલુ વિગેરે તકલીફ હોય ત્યારે બાળકને ખૂબજ મુશ્કેલી પડતી હોય છે. આ ઉપરાંત આ ઓપરેશન ખૂબજ ખર્ચાળ હોય છે, જે સામાન્ય માણસને પરવડે તેમ ન હોય તેઓ કરાવી શકતા નથી. આ બધી સમસ્યાનું સમાધાન પી.એન.આર. સોસાયટી તથા દાતાશ્રીઓના સાથ સહકારથી પ્રિવેન્શન પાર્ટનરશિપ પ્રોગ્રામ દ્વારા સારવાર-નિદાન અને ઓપરેશન થાય છે, અને તે પણ



વિના મૂલ્યે આ માટેનો કેમ્પ તા. ૧ એપ્રિલના રોજ સમીર ડાયમંડ પ્ર. લિ. મુંબઈના આર્થિક સહયોગથી ઓર્ગેનાઈઝ કરવામાં આવ્યો હતો. આ કેમ્પ દરમ્યાન પી.એન.આર. હોસ્પિટલમાં મુંબઈના જાણીતા **Pediatric Ophthalmic Surgeon Dr. Janak Shah (M.B.DO bom.)** અને **Dr. Preeti Shah** આવેલ. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ **૫૩** બાળકોની તપાસ આ ડૉક્ટરશ્રીઓ દ્વારા કરવામાં આવી હતી. જે પૈકી ત્રાંસી આંખ-**૩**, ટોસિસ-**૨**, નિસ્ટેગ્મશ (ઈન્જેકશન ટ્રાયસેન્સ)-**૭**, ફંડશ એન્ડ રિફ્રેકશન-**૭** એમ કુલ **૧૯** ઓપરેશન કરવામાં આવ્યાં હતા. આ કેમ્પમાં ખૂબ જ સારો લોક પ્રતિભાવ મળેલ. આ કેમ્પને સફળ બનાવવા ડૉ. જનક શાહ તેમજ પી.એન.આર. હોસ્પિટલના સ્ટાફ તથા એનેસ્થેટિક ડૉક્ટર્સ તથા પ્રિવેન્શન વિભાગના જીજ્ઞેશભાઈ પારેખે કેમ્પને સફળ બનાવવા સારી એવી જહેમત લીધી હતી.

## પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :

તા. ૩ થી ૭ જૂલાઈ ’૨૩ ના રોજ **કોન્જીનીટલ ડિફોરમિટી પ્રોજેક્ટ** અન્વયે **પ્લાસ્ટિક સર્જરી કેમ્પ**નું આયોજન દાતા શ્રી જીતેન્દ્રભાઈ ભણસાલી-મુંબઈ તેમજ શ્રી અશોકભાઈ ધીરજલાલ દલાલ-મુંબઈના આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ **૫૦** બાળકોની તપાસ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન) દ્વારા કરવામાં આવી હતી. તે પૈકી **૧૦** કપાયેલાં હોઠના, **૨** તાળવામાં કાણું, અને **૬** હાઈપોસ્પિડીસ, પોસ્ટબર્ન કોન્ટ્રેકચર **૩** એમ કુલ **૨૧** ઓપરેશન મુંબઈના ડૉ. નરેશ વાધવાએ કર્યાં હતાં. આ કેમ્પમાં ડૉ. નરેશ વાધવા, ડૉ. નિરવ ધોળકિયા, ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક) તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમતથી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.



# એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ

કૌશિક પરમાર



## પ્રધાનમંત્રીશ્રીનો કાર્યક્રમ ''મનકી બાત''

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેડિયો પરનો કાર્યક્રમનો ૧૦૦ મો એપિસોડના લાઈવ ટેલિકાસ્ટનો સાંભળવા માટે તા. ૩૦.૪.૨૦૨૩ ના રોજ એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટ ખાતે ૧૦૦ વિકલાંગ ભાઈબહેનો, સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, માનદમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ ઉપસ્થિત રહયાં હતાં. આ કાર્યક્રમ પ્રસંગે ભાવનગરના ધારાસભ્યશ્રી જીતુભાઈ વાઘાણી પણ પધારેલ અને વિકલાંગોને કાર્યક્રમ વિષે માહિતગાર કરવા પોતાનું વકતવ્ય આપેલ. તેમના આ વકતવ્યમાં કાર્યક્રમનો હેતુ અને કાર્યક્રમની સફળતા વિષે જાણકારી આપેલ. શ્રવણમંદો આ કાર્યક્રમ સાંભળી શકવા સક્ષમ નહી હોવાથી, તેમને સાઈન લેંગ્વેજના માધ્યમથી પ્રધાનમંત્રીશ્રીના આ કાર્યક્રમને સાંભળવાનો લાભ આપવામાં આવ્યો હતો. સાઈન લેંગ્વેજ માટે ખી.લ.બહેરાંમૂંગા શાળામાં પ્રવાસી શિક્ષક તરીકે કામગીરી કરતાં શ્રી મુકેશભાઈ સાંખટે પોતાનું યોગદાન આપેલ.



## મંથલી મિટીંગ

PNR સોસાયટી, ભાવનગરમાં છેલ્લા દશ ઉપરાંત વર્ષોથી દર મહિનાના બીજા મંગળવારે નિયમીત રીતે **મંથલી મિટીંગ** યોજવામાં આવે છે. જેમાં ૧૭ ઉપરાંત વિભાગોના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ, પોતાના વિભાગમાં પાછલા મહિનામાં થયેલ વિવિધ કામગીરી જેવી કે નિયમીત કામગીરી, પ્રોજેકટની પ્રગતિ-આંકડાકિય માહિતીઓ સાથે સમસ્યાઓ, સિધ્ધિઓની વિગતો રજૂ કરી વિશદ ચર્ચાઓ થાય છે.

આ મિટીંગનું આયોજન, વ્યવસ્થા અને સંચાલન માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવે છે, જેમાં સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈ, સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા તથા શ્રી ધીરૂભાઈ ધંધુકિયા દ્વારા માર્ગદર્શન અને સલાહ સૂચન આપવામાં આવે છે.

આ મંથલી મિટીંગમાં દર વખતે ઉપસ્થિત રહેતા સર્વશ્રી જીજ્ઞેશભાઈ પારેખ (પ્રિવેન્શન), ભદ્રેશભાઈ જાની (એકાઉન્ટ), જીજ્ઞાબેન સોલંકી (ઈન્ચાર્જ પ્રિન્સિપાલ સી.પી. સ્કૂલ), લાલજીભાઈ પંડયા (ગૃહપતિ, સી.પી. હોસ્ટેલ), જીજ્ઞેશાબેન કનેજિયા (નટરાજ કોલેજ), કે.ડી. પડિયા (પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ), જીજ્ઞાબેન તળાજીયા (PNR એડમિન. ઓફિસ), સુકેતુભાઈ / કૌશિકભાઈ (એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટ), ભરતભાઈ કનાડા (મિડીયા),હિતેનકુમાર પંડયા (કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ), કેતનભાઈ રૂપેરા (પ્રોજેકટ મોનિટરીંગ / TTC VI કોલેજ), ચેતનભાઈ રાણા (PNR હોસ્પિટલ ), અમિત મિત્રા (દિશા કમ વિકાસ), રાજવીબેન કક્કડ (સ્લો-લર્નર પ્રોજેકટ), છાયાબેન જોષી (નટરાજ લાઈબ્રેરી), વર્ષાબેન ચૌહાણ (BAOU Spl. B.Ed.), વસંતભાઈ ઉપાધ્યાય (વી.સી. લોઢાવાળા હોસ્પિટલ) મુખ્ય છે.



PNR સોસાયટીની HOD ની ટીમ... મંથલી મિટીંગમાં...



# યુવક સંમેલન મુંબઈ
# લાઈબ્રેરી



છાયા જોષી

જૂન-જુલાઈ '૨૩માં આ લાઈબ્રેરીમાં ૧૯૬ પુસ્તકો ઈસ્યુ થયા, ૫૫ ટોયૂઝ ઈસ્યુ થયા, ૧૭ સ્પેલિંગ એક્ટિવિટી અને ૧૧ ડ્રોઈંગ એક્ટિવિટી, મેથ્સ પઝલ ૧૨ કરાવવામાં આવી છે.

## ભારતની પ્રથમ સંપૂર્ણપણે અંધ IAS ઓફિસર




પ્રાંજલ પાટિલ મહારાષ્ટ્રના ઉલ્હાસનગરની છે. તેણીએ બાળપણમાં તેની દ્રષ્ટિ ગુમાવી દીધી હતી. પ્રાંજલ પાટિલ જે સંપૂર્ણપણે અંધ છે છતા તેણે પોતાને તેના લક્ષ્યો સુધી પહોંચતા રોકી નથી. જેણે તમામ અવરોધોને પાર કરીને ભારતના પ્રથમ, દ્રષ્ટિની પડકારવાળા અધિકારી બન્યા. પ્રાંજલ પાટીલ ભારતની પ્રથમ IAS ઓફિસર છે.

## શ્રીમાન. મેજર ડી. પી. સિંઘ




૧૯૯૮માં કારગીલ યુધ્ધના ઓપરેશન વિજય દરમિયાન, મેજર ડી. પી. સિંઘને ભારે ઈજા થઈ હતી અને તેમનો જમણો પગ કાપીને તેઓને જીવનમાં પાછા લાવવામાં આવ્યા હતા. શ્રીમાન. મેજર ડી. પી. સિંઘ બ્લેડ વડે હાફ મેરેથોન દોડનાર પ્રથમ ભારતીય છે. 'ઈન્ડિયાઝ બ્લેડ રનર' ઉપનામ મેળવવાની સફર આસાન ન હોતી. ૨૦૦૯માં તેણે તેના કૃત્રિમ પગ સાથે તેની પ્રથમ મેરેથોન દોડી. આજે, તેણે સફળતાપૂર્વક ૧૨ મેરેથોન દોડી છે અને તેઓ તેમની આ સિધ્ધિ પ્રાપ્ત કરવાનો LIMCA રેકોર્ડ પણ ધરાવે છે.


## અરુણિમા સિન્હા




જયારે કેટલાક લૂંટારુઓએ તેને ચાલતી ટ્રેનમાંથી ધક્કો માર્યો. ત્યારે અરુણિમા સિન્હાએ તેણીનો પગ ગુમાવ્યો. બે વર્ષ પછી, તે માઉન્ટ એવરેસ્ટ પર ચઢનાર પ્રથમ મહિલા બની. તેણી દરેકની આંખોમાં દયા અને સહાનુભૂતિના દેખાવને નાપસંદ કરતી હતી અને તેને દિવ્યાંગ વ્યક્તિ તરીકે જોવાની ઈચ્છા ન હોતી. તેણીએ સાબિત કર્યું છે કે મજબૂત શરીર કરતા, મજબૂત નિશ્ચય અને ઈચ્છાશક્તિ વધુ મહત્વપૂર્ણ છે. કૃત્રિમ પગ સાથે પણ, તેણીએ તેના પડકારોને પાર કર્યા અને ઈતિહાસ રચ્યો. તેણીની હિંમત, જુસ્સાએ તેણીને સફળતાના શિખરો સર કરાવ્યાં.

## વિકલાંગ દીકરીઓને ભણાવશો તો સરકાર કરશે મદદ

મૈનપુરી (ન્યૂઝ ડેસ્ક.) મૂળભૂત શિક્ષા પરિષદે કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા પહેલ કરી છે. કાઉન્સિલની શાળાઓમાં દિવ્યાંગ દિકરીઓની નોંધણી પછી, સરકાર સહાયની રકમ તરીકે દર મહિને ૨૦૦ રૂપિયા આપશે. દર વર્ષે દસ મહિના માટે વિદ્યાર્થીના ખાતામાં બે હજાર રૂપિયા મોકલવામાં આવશે. ડીસી, ગર્લ એજ્યુકેશન, રણધીર બહાદૂરે જણાવ્યું હતું કે સરકારે કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે દીકરીઓને પ્રોત્સાહિત કરવાનો નિર્ણય લીધો છે. સરકારે ધો. ૧ થી ૮ સુધીની મૂળભૂત શાળાઓમાં અભ્યાસ કરતી વિવિધ વિકલાંગ વિદ્યાર્થીનીઓને દર મહિને ૨૦૦ રૂપિયા આપવાનો નિર્ણય કર્યો છે.



# અંબા સી.પી. હોસ્ટેલ

## જુન-જુલાઈ - ૨૦૨૩

લાલજી પંડયા



## નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવંગત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવેલ


### ભોજન / મિષ્ટાન

- તા. ૨૧ જૂનના રોજ ત્રિમૂર્તિ પરિવાર તરફથી તમામ બાળકો તથા સ્ટાફને બપોરનું ભોજન.
- તા. ૨૭ જૂનના રોજ શ્રી ભાનુબેન શાહ તરફથી બપોરનું ભોજન...
- તા. ૨૮ જૂનના રોજ શ્રી ભદ્રેશભાઈ જાની તરફથી તમામ બાળકો તથા સ્ટાફને બપોરનું ભોજન...
- તા. ૨૮ જૂનના રોજ શ્રી કૌશિકાબેન પટેલ તરફથી સાંજનું ભોજન...
- તા. ૦૨ જૂલાઈના રોજ શ્રી બાપા સીતારામ ગ્રૂપ તરફથી સાંજનું ભોજન તથા દરેકને ટુવાલ વિતરણ.
- તા. ૦૭ જૂલાઈના રોજ શ્રી ધરમભાઈ રાયમુગિયા તરફથી સાંજનું ભોજન...
- તા. ૦૮ જૂલાઈના રોજ શ્રી મૌલિકભાઈ કંકટેસિયા તરફથી સાંજનું ભોજન...
- તા. ૧૫ જૂલાઈના રોજ શ્રી ઝરણાબેન પારેખ તરફથી સાંજનું ભોજન...

### નાસ્તો

- તા. ૧૯ જૂનના રોજ શ્રી પ્રતીક્ષાબેન રાયકા તરફથી...
- તા. ૨૬ જૂનના રોજ શ્રી પ્રતીકભાઈ નાવડિયા તરફથી...
- તા. ૦૩ જૂલાઈના રોજ શ્રી મનીષાબેન પટેલ તરફથી...
- તા. ૦૪ જૂલાઈના રોજ શ્રી શ્રેયભાઈ ભીડોંરા તરફથી...
- તા. ૧૪ જૂલાઈના રોજ શ્રી અવિનાશભાઈ વ્યાસ તરફથી...

# ડિપ્લોમા ઈન સ્પેશ્યલ એજ્યુકેશન અને (M. D.) અને (VI)



શ્રી દિવ્યાબેન પટોરિયા

**ગુરૂપૂર્ણિમા ઉજવણી :** તા. ૩ જૂલાઈના રોજ PNR સોસાયટી સંચાલિત RCI ન્યૂ દિલ્હી માન્યતા પ્રાપ્ત કોર્સ Dse. M.D. અને Dse. V.I. ના તાલીમાર્થીઓ દ્વારા નટરાજ ઓડિટોરીયમ ખાતે **ગુરૂપૂર્ણિમાની ઉજવણી** કરવામાં આવેલ. જેમાં ગુરૂને તિલક કરી, ગુરૂ વિશેનું મહત્વ સમજાવી, ગુરૂ વંદના કરેલ. જેમાં કુલ ૧૫ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ શ્રી દિવ્યાબેન પટોરિયા અને શ્રી અજીત સરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.

**શાળાની મુલાકાત :** તા. ૧૨ જૂલાઈના રોજ CBR પ્રોજેક્ટ અન્વયે, PNR સોસાયટી સંચાલિત RCI ન્યૂ દિલ્હી માન્યતા પ્રાપ્ત કોર્સ Dse. M.D. ના સ્ટુડન્ટોએ Feculty મેમ્બર્સ શ્રી અજીતભાઈ વિશ્વકર્મા તથા દિવ્યાબેનના માર્ગદર્શનમાં વરતેજ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં **મુલાકાત** લઈ વિદ્યાર્થીઓ તથા સ્ટાફ અને વાલીઓને દિવ્યાંગ બાળકો વિશેની માહિતી આપીને, Dse. M.D. કોર્સ વિષેની માહિતી આપી. સાથે જ બાલ ઘર અને શાળાની મુલાકાત લઈ દિવ્યાંગ બાળકોનું સ્ક્રીનિંગ કરેલ. CBR વિઝિટનો ૧૦૦+ લોકોએ લાભ લીધો. આયોજન અને સંકલન શ્રી અજીત સર દ્વારા કરવામાં આવેલ.

### પ્રોસ્થેટિસ્ટ અને ઓર્થોટિસ્ટ નિષ્ણાતનું રાષ્ટ્રિય સ્તરે સન્માન

વડોદરા સ્થિત ડૉ. વીરેન્દ્ર કિશન શાંડિલ્ય કે જેઓ એક નીવડેલા પ્રોસ્થેટિસ્ટ અને ઓર્થોટિસ્ટ નિષ્ણાત છે, તેમને પ્રાપ્ત કરેલી સિધ્ધિઓ માટે કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ વિભાગ દ્વારા રાષ્ટ્રિય કક્ષાએ ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે સન્માન કરવામાં આવ્યું. આ એવોર્ડ ખાસતો શારીરિક રીતે સક્ષમ ન હોય તેવા લોકોના પુનઃવસન માટે અને કૃત્રિમ અંગો દ્વારા આ લોકોના કલ્યાણ માટે કરેલી કામગીરીને ધ્યાને લઈને આપવામાં આવ્યો છે.

**સૌજન્ય : ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, વડોદરા આવૃત્તિ**

**સંપાદક : પીયુષ પારાશર્ય**



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)



✍ ગજાનંદ ભટ્ટ

## યોગ ભગાવે રોગ

શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા ટ્રસ્ટ સંચાલિત પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં તાજેતરમાં આંતરરાષ્ટ્રિય યોગ દિવસ નજીક હોવાથી તા. ૧૦ જૂન ’૨૩ ને શનિવારે ગુજરાત રાજય યોગ બોર્ડમાંથી બે યોગ ટ્રેનર કીર્તિભાઈ શુકલ અને એન.કે. જાડેજા સાહેબ આપણી સંસ્થામાં યોગ શીખવવા માટે આવ્યાં હતાં. તેઓએ ધો. ૬ થી ૧૨ ના ભાઈઓ-બહેનો, તેમજ શિક્ષક મિત્રોને યોગના જુદા-જુદા ફાયદા, તેમજ આસનો અને પ્રાણાયમ વિશે માહિતી આપી હતી. તેમજ જુદા-જુદા યોગાસનો કરતા બાળકોને શીખવ્યું હતું.

યોગ વિશે આપેલી માહિતી બદલ સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, માધ્યમિક શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ દવે તેમજ પ્રાથમિક શાળાના આચાર્યશ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયાએ આભાર વ્યકત કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના રમત શિક્ષક શ્રી સંદિપભાઈએ જહેમત ઉઠાવેલ.

## વિશ્વ પર્યાવરણ દિવસ

શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળામાં દર વર્ષની જેમ આ વર્ષે પ્રાથમિક વિભાગમાં **વિશ્વ પર્યાવરણ દિવસ**ની ઉજવણી કરવામાં આવી. આ દિવસે શાળાના પ્રાર્થના રૂમમાં બાળકોને પર્યાવરણ એટલે શું ? અને તેની જાળવણી માટે આપણે કઈ-કઈ બાબતોનું ધ્યાન રાખવું ? તેના વિશે ચાર્ટ-ચિત્ર સાથે સમજ આપવામાં આવી.

પર્યાવરણ દિવસની ઉજવણીની સમગ્ર સમજ, શાળાના શિક્ષક શ્રી અશોકભાઈ ખાટસુરિયાએ આપી હતી. જેમાં ‘વૃક્ષો કાપો નહીં પણ વાવો’, ‘પાણીનો બગાડ ન કરો’ તેમજ સૌર ઉર્જા, પવન ઉર્જા, જળ ઉર્જા વગેરેનો મહત્તમ ઉપયોગ કરવાની સમજ આપી હતી. આ કાર્યક્રમમાં સમાજ સુરક્ષા અધિકારી શ્રી ભગીરથસિંહ ચુડાસમા, પ્રોબેશન ઓફિસર શ્રી હર્ષવર્ધનભાઈ રાઠોડ, શ્રી સૂર્યકાન્તભાઈ અને પ્રાથમિક શાળાના આચાર્યશ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયાની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

## આંતરરાષ્ટ્રિય નશામુકત દિવસની ઉજવણી

શાળા ખાતે **આંતરરાષ્ટ્રિય નશામુકત દિવસ**ની ઉજવણી કરવામાં આવી. જેમાં ચાર્ટ-ચિત્રોની મદદથી વિવિધ વ્યસનોથી થતા જુદા-જુદા રોગો, જીવલેણ કેન્સર વગેરે વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી. ત્યારબાદ પ્રાર્થના રૂમમાં ઉપસ્થિત સર્વે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આચાર્યશ્રીએ પોતે નશામુકત બનીએ અને બીજાને નશામુકત બનાવવાના શપથ લીધા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રાથમિક વિભાગના આચાર્યશ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયા, શ્રી અશોકભાઈ ખાટસુરિયા, શ્રી પ્રશાંતભાઈ દેવમુરારી અને શ્રી કવિતાબેન શાહે ભારે જહેમત ઉઠાવી હતી.



## હેલન કેલર દિવસની ઉજવણી

શાળા ખાતે **હેલન કેલર દિવસની ઉજવણી** શાળાના પ્રાર્થના રૂમમાં કરવામાં આવી. જેમાં બાળકોને ચાર્ટ-ચિત્રના માધ્યમથી હેલન કેલરના જીવન વિશેની ઝલક આપવામાં આવી. હેલન કેલરની આ ૧૪૩મી જન્મજયંતિ છે, જેની આછેરી ઝલક સંસ્થાના બાળકોને આપવામાં આવી. બાળકોએ હેલન કેલરમાં રહેલ વિવિધ દિવ્યાંગતા છતાં હાર ન સ્વીકારી અને પોતાના આત્મવિશ્વાસથી **‘અડગ મનના મુસાફિરને હિમાલય પણ નડતો નથી.’** આ પંક્તિ સાર્થક કરી બતાવી, તે સમજ મેળવી. હેલન કેલર દિવસની ઉજવણી વિશે શાળાના શિક્ષક શ્રી ચંદ્રિકાબેન અને શ્રી યોગિતાબેને માહિતી આપી હતી.

## શાળા મુલાકાત

પ્રાથિમક વિભાગમાં ભાવનગરની એકસેલ સ્કૂલ ઓફ નર્સિંગમાંથી ૫૧ સ્ટુડન્ટ **શાળા મુલાકાતે** આવ્યાં હતાં. તેઓએ આપણી શાળાના બધા વિભાગોની મુલાકાત લીધી. શાળામાં ચાલતા વિવિધ વિભાગોની મુલાકાતથી તેઓ ખૂબ પ્રભાવિત થયા હતાં. તેમજ શ્રવણમંદ બાળકો પણ કેટલું ઉત્કૃષ્ટ શિક્ષણ કાર્ય, સિવણ, ચિત્ર, ક્રાફટ, કમ્પ્યુટર વગેરે શીખી રહ્યાં છે, તે જોઈ તેઓ અચંબિત થયા હતાં. તેમજ સંસ્થાના બીજા વિભાગોથી પણ ઉત્તમ સેવા કાર્ય થઈ રહ્યાં છે. તેનાથી માહિતગાર થયા હતાં. સર્વ તાલીમાર્થીઓએ સંસ્થામાં મુલાકાત આપવા બદલ સંસ્થાના માનદ મંત્રી શ્રી

અશ્વિનભાઈ પંડયા, પ્રાથમિક વિભાગના આચાર્યશ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયા અને સંસ્થામાં કાર્ય કરતા તમામ કર્મવીરોને હાર્દિક આભાર વ્યકત કર્યો હતો.

## રાષ્ટ્રિય સી.આર.ઈ. કાર્યક્રમમાં પ્રાથમિક વિભાગના તજજ્ઞોનું સેવા પ્રદાન

શ્રી કે.કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કોલેજ દ્વારા તા. ૨૯-૩૦ જૂન દરમિયાન **રાષ્ટ્રિય સી.આર.ઈ. કાર્યક્રમ**નું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમનો હેતુ સમાવેશી શિક્ષણમાં શિક્ષણશાસ્ત્ર અને મૂલ્યાંકનના નવીનતમ વલણો અને તેના વિષે જાગૃત કરવાનો હતો. આ કાર્યક્રમમાં ભારતના અલગ-અલગ રાજ્યમાંથી ૨૦૦ થી પણ વધારે લોકોએ બે દિવસ લાભ લીધેલ. આ કાર્યક્રમમાં પ્રાથમિક વિભાગમાંથી રિસોર્સ પર્સન તરીકે શ્રી નરેન્દ્રભાઈ ગોસ્વામીએ **વૈદિક ગણિત** વિષે, ડૉ. કવિતાબેન શાહે **બિનસાંપ્રદાયિક વર્ગમાં મૂલ્ય શિક્ષણ** અને શ્રી મુકતાબેને **યોગ** વિષે સમજ આપી પોતાની સેવા પ્રદાન કરી હતી. સંસ્થાના માનદ્ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, કોલેજના ચેરમેન શ્રી ડી.જે. ધંધુકિયા, ટ્રેનિંગ કોલેજના આચાર્ય ડૉ. સંતોષભાઈ યાદવ અને પ્રાથમિક વિભાગના આચાર્ય શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયાએ તજજ્ઞોની સેવાને બિરદાવી હતી.

## પાટણ શિબિર



પ્રાથમિક વિભાગમાંથી ધો. ૬ માં અભ્યાસ કરતા પાંચ બાળકો અને એક શિક્ષક પાટણ બધિર શિબિરમાં ભાગ લેવા માટે ગયા હતા. ત્યાં ગુજરાતમાંથી અલગ-અલગ સાતથી આઠ શાળાઓએ આ શિબિરમાં ભાગ લીધો હતો.

આ શિબિરનો મુખ્ય હેતુ કિશોર વયના બાળકોમાં ગમ્મત સાથે જ્ઞાન, તેમજ વ્યકિતત્વ વિકાસનો હતો. જેના અનુરૂપ તા. ૧૦ જૂનથી ૧૫ જૂન એમ પાંચ દિવસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં બાળકોને અંધશ્રધ્ધા નિવારણ, વ્યસન મુક્તિ, જાદુના ખેલ, ત્યાના ઈતિહાસની ધરોહર રાણીની વાવ, તળાવ વિગેરેનો પ્રવાસ જેવી પ્રવૃત્તિના માધ્યમથી તમામ શિબિરાર્થી ખૂબ ખુશ થયા હતાં. બધિર બાળકો માટે ગુજરાતમાં આવી પ્રથમ શિબિર થઈ હતી, જેમાં બાળકોએ જુદી-જુદી રમતો સાથે ગમ્મત સાથે જ્ઞાન મેળવ્યું હતું. સમગ્ર શિબિર દરમિયાન આપણી શાળાના શિક્ષિકા શ્રી ચંદ્રિકાબેન પરમાર સહાયક તરીકે સાથે રહ્યાં હતાં. ત્યાંથી બાળકોને શિક્ષણ કીટ ભેટ આપવામાં આવી હતી. શિબિરમાં ગયેલ તમામ બાળકો અને શિક્ષકની કામગીરીને સંસ્થાના માનદ્ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા અને પ્રાથમિક વિભાગના વડા શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરીયાએ બીરદાવી હતી.

## આંતરરાષ્ટ્રિય યોગ દિવસની ઉજવણી



'પહેલું સુખ તે જાતે નર્યા', કહેવતને સાર્થક કરવા પ્રાથમિક તેમજ માધ્યમિક વિભાગના શ્રવણમંદ બાળકો નવમા **વિશ્વ આંતરરાષ્ટ્રિય યોગ દિવસ** અંતર્ગત યોગાસન, પ્રાણાયામ અને ધ્યાન કરતા દ્રશ્યમાન થયા. ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા પ્રમાણિત યોગબુકના આધારે તેના સંપૂર્ણ નિયમોને અનુસરીને વિવિધ યોગાસનની રીતે પ્રાણાયામ તેમજ ધ્યાન કર્યુ હતું. યોગ દ્વારા વ્યક્તિ, શારીરિક અને માનસિક રીતે મજબૂત બને છે, તેમજ દીર્ઘાયુ, સ્વસ્થ અને સંતુલિત જીવન જીવી શકે છે, તે સમજ મેળવી.

યોગ દિવસની પૂર્વ તૈયારીના ભાગરૂપે તા. ૧૦ જૂનના રોજ ગુજરાત રાજય યોગ બોર્ડમાંથી બે યોગ ટ્રેનર શ્રી કીર્તિભાઈ શુકલા અને શ્રી એન.કે. જાડેજા સાહેબ આપણી સંસ્થામાં આવ્યાં હતાં. તેઓએ જુદા-જુદા યોગાસન અને પ્રણાયમનું નિદર્શન કર્યું હતું. આ સિવાય સંસ્થાના અદ્યતન સગવડતાવાળા પ્રાર્થના રૂમમાં ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા બહાર પાડવામાં આવેલ યોગ વિડિયોનું નિદર્શન કરવામાં આવ્યું અને બાળકો તેમજ શિક્ષકોને યોગ વિશેની સંપૂર્ણ માહિતી આપવામાં આવી. યોગ દિવસની ઉજવણીમાં સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, સહમંત્રી શ્રી અમિતભાઈ શાહ, માધ્યમિક શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે, સંસ્થાના કર્મનિષ્ઠ શિક્ષક ભાઈ-બહેનો, કર્મવીરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રમત-ગમત શિક્ષક શ્રી સંદીપભાઈ ગોસ્વામી, તેમજ શ્રી મુકતાબેન વાળાએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમની સાઈનથી સમજ શ્રી વિરેન્દ્રભાઈ ગોહિલ, શ્રી વૃંદાબેન રાણા અને શ્રી ચંદ્રિકાબેન પરમારે આપી હતી. અંતમાં કાર્યક્રમની આભારવિધિ પ્રાથમિક વિભાગના આચાર્ય શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયાએ કરી હતી.

## શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી

શાળામાં પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં નવા પ્રવેશ પામેલા બાળકોનો શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષણના અવિરત ચાલતા તેજોમય પ્રવાહમાં પા... પા... પગલી પાડવા માટે નર્સરી થી ધો. ૮ માં ૩૩, ધો. ૯ અને ધો. ૧૧ માં કુલ ૪૮ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. મનમાં કંઈ કેટલાય સપનાઓ લઈ, દિલમાં દરિયાદિલીથી દુનિયાદારીને સમજવાની પ્રબળ ઝંખના સાથે પ્રવેશ પામેલા બાળકોના ચહેરા પર અદકેરું સ્મિત, કાર્યક્રમ સમય દરમિયાન જોવા મળ્યું હતું.

આ કાર્યક્રમને વધારે સુવાસિત બનાવવા આપણા ભાવનગરના કમિશ્નર શ્રી એન.વી. ઉપાધ્યાય સાહેબ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી ભગીરથસિંહ ચુડાસમા, સંસ્થાના સ્થાપક શ્રી બાબાભાઈ શાહ, પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, માનદ મંત્રી અશ્વિનભાઈ પંડયા, ખજાનચી શ્રી જીતુભાઈ શાહ, શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, શ્રી આનંદભાઈ શાહ, શ્રી મીતાબેન ઓઝા તેમજ પ્રાથમિક અને માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓએ પ્રેરક હાજરી આપી હતી. નવા પ્રવેશ પામેલા બાળકોને મહેમાનોના હસ્તે શિક્ષણ કીટ આપવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી વૈશાલીબેન શુકલે કર્યું હતું. આભારવિધિ સંસ્થાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રોજેકટ મંત્રીશ્રી ચંદ્રિકાબેન પરમાર, શ્રી મયુરીબેન ડાભી અને શ્રી મનીષાબેને ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં શ્રી મુકતાબેન વાળાએ તૈયાર કરાવેલ સાંસ્કૃતિક કૃતિ પ્રાથમિક શાળાના ભૂલકાઓએ **વ્હાલા પ્રભુજી** અને શ્રીકીર્તિદિવસિંહ તેમજ શ્રી કવિતાબેન દ્વારા તૈયાર કરાવેલ માધ્યમિક શાળાના બાળકો દ્વારા **રાસ** રજૂ કરેલ. સમગ્ર કાર્યક્રમની સુવાહિતા જોઈ પધારેલ મહેમાનો તેમજ ટ્રસ્ટીગણે, સંસ્થાના કર્મવીરોને અભિનંદન પાઠવ્યાં હતાં.



# શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા

✍ જ્યોતિ ભટ્ટી



## ધો. ૧૦ (S.S.C.E.) અને ધો. ૧૨ (કોમર્સ)નું ઝળહળતું પરિણામ

શાળાનું ધો. ૧૦ (S.S.C.E.) અને ધો. ૧૨ (કોમર્સ)નું પરિણામ GSEB દ્વારા અનુક્રમે તા. ૨૫ મે ’૨૩ અને તા. ૩૧ મે ’૨૩ ના રોજ જાહેર થયેલ છે.

ધો. ૧૦ ના કુલ ૩૭ વિદ્યાર્થીઓમાંથી ૩૧ વિદ્યાર્થીઓ પાસ થયેલ છે. પરિણામ ૮૪% આવેલ છે. જયારે ધો. ૧૨ (કોમર્સ)માં કુલ ૩૯ વિદ્યાર્થીઓમાંથી ૨૯ વિદ્યાર્થીઓ પાસ થયેલ છે. કુલ પરિણામ ૭૪% આવેલ છે. બંને ધોરણનું પરિણામ (પ્રથમ ૧૦ વિદ્યાર્થીઓનું) નીચે દર્શાવેલ છે.

આ સાથે ધો. ૧૨માં રેગ્યુલર પ્રાઈવેટ તેવા ૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલ જેમાંથી ૩ વિદ્યાર્થીઓ પાસ થયેલ છે.

સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ, મંત્રી શ્રી અશ્વિનભાઈ, સહમંત્રી શ્રી અમિતભાઈ, શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈએ, શાળાના વિદ્યાર્થીઓ તેમજ શૈક્ષણિક સ્ટાફને અભિનંદન પાઠવેલ.

**ધો. ૧૦ (S.S.C.E.) નું પરિણામ**

| નંબર | વિદ્યાર્થીનું નામ | પરિણામ (ટકા) |
|---|---|---|
| ૧ | હિમાંશુ કિરીટભાઈ સોજીત્રા | ૬૭% |
| ૨ | સોનાલી રમેશભાઈ ગોદવાણી | ૬૬.૨% |
| ૩ | તરાના આરીફભાઈ પઠાણ | ૫૮.૬% |
| ૪ | આરતી જશવંતભાઈ સોલંકી | ૫૭.૬% |
| ૫ | જય અજયભાઈ ચોટલિયા | ૫૭.૪% |
| ૬ | તનુશ્રી જીતેન્દ્રભાઈ લકક્કડ | ૫૬.૪% |
| ૬ | અવની નવિનભાઈ જરૂ | ૫૬.૪% |
| ૭ | પ્રિન્સિબા કનકસિંહ ગોહિલ | ૫૫.૪% |
| ૮ | નિઝામ જાનીભાઈ ગાહા | ૫૪.૪% |
| ૯ | સાકિરઅલી બાકરઅલી કરમુલા | ૫૪.૨% |
| ૧૦ | જાગૃતિ સામતભાઈ વાઝા | ૫૪% |

**ધો. ૧૨ (કોમર્સ) નું પરિણામ**

| નંબર | વિદ્યાર્થીનું નામ | પરિણામ (ટકા) |
|---|---|---|
| ૧ | બંસરી જીતેન્દ્રભાઈ ધંધુકિયા | ૬૩% |
| ૨ | દ્રષ્ટિ જયેશકુમાર પટેલ | ૫૮.૨૮% |
| ૩ | દિવ્યા વલ્લભભાઈ મોર | ૫૭.૭૧% |
| ૪ | ધ્રુવલ નરેન્દ્રભાઈ વાઢિયા | ૫૬.૧૪% |
| ૫ | પાયલ ગદાભાઈ કાછડ | ૫૧.૮૫% |
| ૬ | શ્રુતિ કનૈયાલાલ ખત્રી | ૫૧.૭૧% |
| ૬ | ભવ્ય જીગરભાઈ શાહ | ૫૧.૭૧% |
| ૭ | આયુષ બાવચંદભાઈ શેલડિયા | ૫૦.૧૪% |
| ૭ | જયોતિ સુભાષભાઈ ડોડિયા | ૫૦.૧૪% |
| ૮ | ધાર્મિક નિતેષભાઈ મોણપરા | ૫૦% |
| ૯ | પ્રિતી અશોકભાઈ વાગડિયા | ૪૯.૫૭% |
| ૧૦ | સતિષ શામજીભાઈ મકવાણા | ૪૯.૪૨% |

## ચિત્રકામ પરીક્ષા ૨૦૨૨-૨૩

ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા ધો. ૯ અને ૧૦ ના કુલ ૧૭ વિદ્યાર્થીઓ તથા ૫ સમધારણ વિદ્યાર્થીઓ (શ્રી નંદકુંવરબા કન્યા વિદ્યાલય) ની **ચિત્રકામ પરીક્ષા** તા. ૧ અને ૨ જૂલાઈના રોજ યોજવામાં આવેલ. આ પરીક્ષાનું બોર્ડનું કેન્દ્ર આપણી શાળાને આપવામાં આવેલ.

જેમાં માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષાએ ઈન્ટરમીડિએટ પરીક્ષા કહેવાય અને આ પરીક્ષા પાસ કરવાથી માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા એક વિશેષ સર્ટિફીકેટ આપવામાં આવે છે. જેના આધારે વિદ્યાર્થી ડિપ્લોમા ડ્રોઈંગ અને પેઈન્ટિંગમાં આગળ અભ્યાસ કરી શકે અને પોતાની કારકીર્દિ પણ બનાવી શકે છે.

આ પરીક્ષામાં કુલ ત્રણ-ત્રણ કલાકના ૪ પેપર હોય છે. જેમાં માનવ સર્જિત પદાર્થ, ભાત ચિત્ર, ચિત્ર-સંયોજન જેવા વિષયો આપવામાં આવેલ હોય છે.

માધ્યમિક શાળાના ચિત્ર શિક્ષક શ્રી ઉજ્જવલાબેન વ્યાસ દ્વારા ધો. ૯ અને ૧૦ ના ૧૭ વિદ્યાર્થીઓને આ પરીક્ષા માટે તૈયાર કરવામાં આવેલ.

પરીક્ષા કેન્દ્રનું સંચાલન આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ કરેલ. સહાયક તરીકે શ્રી ધ્રુવીબેન ચાવડાએ કામગીરી કરેલ.

## ગુરૂપૂર્ણિમાની ઉજવણી




"ૐ પરમતત્વાય, નારાયણાય ગુરૂજયો નમ :"

શાળાના ઉપક્રમે તા. ૩ જૂલાઈના રોજ આ શાળાના ઉપક્રમે પ્રાથમિક વિભાગ સાથે ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી.

ગુરૂ વિના જ્ઞાન નહીં. યુગોથી ગુરૂનું મહાત્મય ગવાતું આવ્યું છે. કારણ કે ગુરૂ એ દરેક સવાલનો જવાબ છે. ગુરૂ જ્ઞાનનો ભંડાર છે, ગુરૂ એ પ્રેમ છે, ગુરૂ મિત્ર છે, ભગવાન સ્વરૂપ છે.

પ્રાર્થના અને સર્વના સ્વાગત બાદ શ્રવણમંદ વિદ્યાર્થીઓએ ગુરૂ મહાત્મય વિષે જણાવ્યું. ત્યારબાદ શિક્ષિકા શ્રી ધ્રુવીબહેને પ્રસંગોચિત ગુરૂનું મહત્વ સમજાવ્યું. બાદમાં માધ્યમિક વિભાગના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે, તેમજ પ્રાથમિક વિભાગના આચાર્ય શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયાએ પોતાના સુંદર વિચારો રજૂ કર્યાં. શાળાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાએ જણાવ્યું કે "ગુરૂની જ છાપ શિષ્ય ઉપર પડે છે. ગુરૂ વિદ્યાર્થીનું સંપૂર્ણ ઘડતર કરે છે."

ત્યારબાદ માધ્યમિક શાળાની વિદ્યાર્થીઓ દ્વારા શાળાના તમામ શિક્ષકોનું પૂજન કરવામાં આવેલ, તેમજ વિદ્યાર્થીઓ દ્વારા આપણા રાષ્ટ્રની મહાન વિભૂતિઓની પુસ્તિકાઓ તેઓને ભેટ આપવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમનું સૂચન શ્રી શૈલેષભાઈ દવે દ્વારા કરવામાં આવેલ. માર્ગદર્શન શ્રી વિરેન્દ્રભાઈ ગોહિલ, સ્વાગત શ્રી જયોતિબેન ભટ્ટી, સંચાલન શ્રી વિશ્વાબેન ભટ્ટ, તેમજ આભારવિધિ શ્રી રીટાબેન ત્રિવેદી દ્વારા કરવામાં આવેલ. સાઈન દ્વારા સમજ શ્રી જયોતિબેન બારૈયા તથા શ્રી વિરેન્દ્રભાઈ ગોહિલે આપેલ.

## COLS ટ્રેનિંગ (આરોગ્ય અંગે)




શાળાના શ્રવણમંદ વિદ્યાર્થીઓ પોતાનું સ્વાસ્થ્ય સારી રીતે જાળવી શકે અને બીજાને મદદરૂપ થઈ શકે તેવા હેતુસર ભાવનગર મહાનગરપાલિકા, આરોગ્ય વિભાગના સહયોગથી CPR ટ્રેનિંગનું ગુરૂપૂર્ણિમાનું પાવન અવસરે તા. ૩ જૂલાઈના રોજ સંસ્થાના ઓડિટોરિયમમાં આયોજન કરવામાં આવેલ. ડૉ. હર્ષદભાઈ મહેતા (આસિ. પ્રોફેસર-સર.ટી. હોસ્પિટલ), ડૉ. સાગરભાઈ (સર.ટી. હોસ્પિટલ), ડૉ. આશાબેન (સર.ટી. હોસ્પિટલ), ડૉ. શક્તિસિંહ RBSK / ભાવનગર) દ્વારા શાળાના તમામ કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને, કોઈને આકિસ્મક હાર્ટ એટેક આવે ત્યારે, તેમના જીવ કેવી રીતે બચાવી શકીએ ? તેની સમજ આપી. તેમજ તે અંગે પ્રેકિટકલ સમજ આપવામાં આવેલ. ડૉ. શક્તિસિંહ દ્વારા વિદ્યાર્થીઓને સામાન્ય બીમારી અને આકસ્મિક ઈજામાં **ફર્સ્ટ એડ** તાલીમ અંગે માર્ગદર્શન આપવામાં આવેલ.

શ્રવણમંદ વિદ્યાર્થીઓ માટે અન્યને મુશ્કેલીમાં મદદરૂપ થવાનું COLS ની તાલીમ ખૂબ જ રસપ્રદ અને અસરકારક રહી હતી. આ કાર્યક્રમના પ્રયોજન માટે શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ જહેમત ઉઠાવેલ.



# શ્રી શાહ ખી.લ. બહેરાં મૂંગા શાળા
## મહેતા છાત્રાલય



સ્નેહાબેન જોષી

તા. ૫ જૂનના રોજ બાળકોનું વેકેશન ખુલવાનું હોવાથી તા. ૨૫ મે થી જ છાત્રાલયમાં બાળકોના આગમન પહેલાજ વિવિધ કામગીરી જેવી કે વિભાગોમાં સાફ-સફાઈ, રીપેરિંગ કામગીરી તેમજ પેસ્ટકંટ્રોલ કરાવેલ. પીવાના અને વાપરવાના પાણીના ટાંકાની સફાઈ કરાવેલ. કોઠારમાં કરિયાણું વગેરે મંગાવવાની કામગીરી શરૂ થઈ ગયેલ. આમ વિવિધ કામગીરી શરૂ કરી. બાળકોના આગમનની પૂર્વ તૈયારીઓ હાથ ધરેલ.

તા. ૫ જૂનના રોજ ઉનાળુ વેકેશન ખુલતા બાળકો જાણે કેટલાય સમયથી શાળામાં તથા છાત્રાયલમાં આવવાની રાહ જોતા હોય તેવા ઉત્સાહ સાથે આવી રહ્યાં છે. શાંત બની ગયેલ છાત્રાલયમાં બાળકોના આવવાની સાથે જ તેના કલરવથી છાત્રાલયનું વાતાવરણ ખીલી ઉઠયું છે. જૂના વિદ્યાર્થીઓ સાથે કેટલાક નવા એડમિશન પણ આવી રહ્યાં છે.

બાળકોના આવતાની સાથે જ તેમના મનપસંદ ભોજનની માંગ શરૂ થતા, તે પ્રમાણે બાળકોને ખુશખુશાલ કરેલ અને સિઝન કેરીની હોવાથી બાળકોને ખૂબજ કેરીઓ ખવડાવેલ અને આનંદ કરાવેલ.

તા. ૨૧ જૂનના રોજ સાંજે શ્રી હનીફભાઈ કુરેશીએ છાત્રાલયમાં આવેલ અને બધા જ બાળકોને ટી.બી. અંગેની સંપૂર્ણ પ્રાથમિક માહિતી આપેલ અને આ રોગ ન થાય તેની સાવચેતી રાખવી અને તેની કાળજી કેવી રીતે લઈ શકાય ? ત્યાંથી માંડી, જો કોઈને ટીબી થયો હોય તો તેની સારવાર સુધીની સંપૂર્ણ માહિતી આપી બાળકોને જાગૃત કરેલ.



# શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ
## છાત્રાલય



તા. ૫ જૂનના રોજ ઉનાળુ વેકેશન ખુલવાનું હોવાથી છાત્રાલયમાં બાળકોના આગમન પહેલા જ વિવિધ કામગીરીઓ શરૂ થઈ ગઈ હતી અને બાળકોના આગમનની પૂર્વ તૈયારીઓ કરેલ.

તા. ૫ જૂનના રોજ વેકેશન ખુલતા જૂના વિદ્યાર્થીઓ સાથે ઘણા નવા એડમિશન પણ આવેલ.



# શ્રીમતી પ્રભાકુંવરબહેન રતિલાલ વાઘર
## કૃત્રિમ સાધન સહાય વર્કશોપ



વિપુલ જેઠવા

**મે માસમાં** સ્થાનિક કક્ષાએ કુલ ૧૭૨ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ છે. જેમાં લાભાર્થીઓને આશરે ૨૬૬ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, આખો હાથ-૧, અડધા પગ-૭, ઓર્થોશુઝ-૫,ની-બ્રેસ-૧૪૦, હેન્ડ સ્પિલન્ટ-૫, નાઈટ સ્પિલન્ટ-૨, સ્પાઈનલ ઓર્થોસિસ-૧૫, અન્ય-૫૪, કેલિપર-૧૦, એ.એફ.ઓ.-૧૭, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૧૦ પૂરાં પાડવામાં આવેલ.

સ્થાનિક કક્ષાએ **માહે મે ’૨૩** માં સંસ્થામાં ગત માસે કૃત્રિમ હાથ-પગનો કેમ્પ **ડૉ. વિજય નાયક** દ્વારા વિદીશા (એમ.પી.) માં યોજવામાં આવેલ હતો. જેમાં આશરે ૭૦ લાભાર્થીઓને ૩૪ આખા પગ તથા ૪૦ અડધા પગ પૂરાં પાડવામાં આવેલ હતાં.

સંસ્થાના સિનિયર ડૉ. વિજય નાયક દ્વારા મે માસમાં જલંધર (પંજાબ) તથા પુના, મુંબઈ ની-બ્રેસ કેમ્પ યોજાયેલ. જેમાં ૨૫૦ જેટલી ની-બ્રેસ બનાવેલ હતી.

**જૂન માસમાં** સ્થાનિક કક્ષાએ કુલ ૧૮૫ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ, જેમાં લાભાર્થીઓને આશરે ૨૪૧ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, અડધો હાથ-૧, આખા પગ-૧, અડધા પગ-૧, ઓર્થોશૂઝ-૨,ની-બ્રેસ-૧૨૮, હેન્ડ સ્પિલન્ટ-૪, સ્પાઈનલ ઓર્થોસિસ-૮, અન્ય-૫૪, કેલિપર-૫, એ.એફ.ઓ.-૨૪, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૮ એમ કુલ ૨૪૧ સાધનો પૂરાં પાડવામાં

આવેલ.

માહે **જૂન ’૨૩** માં ગત માસે કૃત્રિમ હાથ-પગનો કેમ્પ ડૉ. વિપુલભાઈ દ્વારા બારગઢ (ઓરિસ્સા) માં યોજવામાં આવેલ હતો. જેમાં આશરે ૭૫ લાભાર્થીઓને ૨૯ આખા પગ તથા ૫૪ અડધા પગ પૂરાં પાડવામાં આવેલ હતાં. ઉપરાંત ૫૩ ની-બ્રેસ બનાવવામાં આવેલ હતી.


સંસ્થાના ડૉ. વિપુલભાઈ દ્વારા જૂન માસમાં ધોરાજી (ગુજરાત) માં ની-બ્રેસ કેમ્પ યોજાયેલ. જેમાં ૯૯ જેટલી ની-બ્રેસ બનાવેલ હતી.





## શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટયૂટ ફોર ધ ડેફ - ટ્રસ્ટ સંચાલિત
## શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ
## (હિયરિંગ ઈમ્પાયર્ડ)

ડો. સંતોષ યાદવ



**યોગ દિવસ :** કોલેજમાં તા. ૨૧ જૂનના રોજ **યોગ દિવસ**ની ઉજવણી કરવામાં આવેલ. જેમાં સ્પોર્ટ્સ શિક્ષક શ્રી સંદીપભાઈએ તાલીમાર્થીઓને યોગ વિશે સમજૂતી આપી અને યોગ કરાવ્યાં.



**સી.બી.આર. :** કોલેજમાં ડી.એડ. અને બી.એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ.) ના બીજા વર્ષના તાલીમાર્થીઓના અભ્યાસક્રમ અનુસાર તા. ૨૭-૨૮ જૂન બે દિવસ કાળિયાબીડ વિસ્તારમાં **સી.બી.આર.** નું આયોજન કરવામાં આવેલ. જેમાં તાલીમાર્થીઓએ ઘરે-ઘરે જઈને વિકલાંગતા વિશેની જાણકારી આપી લોકોમાં જાગૃતિ ફેલાવી.



**સી.આર.ઈ. :** કોલેજમાં તા. ૨૯-૩૦ જૂન દરમ્યાન બે દિવસ **સી.આર.ઈ.** કાર્યક્રમ યોજવામાં આવેલ. જેનો વિષય **સમાવેશી શિક્ષણમાં શિક્ષણશાસ્ત્ર અને મૂલ્યાંકનના નવીનતમ વલણો** અને તેના વિશે જાગૃત કરવાનો હતો. કાર્યક્રમમાં ભારતના અલગ-અલગ રાજ્યમાંથી ૨૦૦ થી પણ વધારે લોકોએ બે દિવસ લાભ લીધો હતો. કાર્યક્રમમાં રાષ્ટ્રિય કક્ષાના નિષ્ણાંતોએ રિસોર્સ પર્સન તરીકે સેવા પ્રદાન કરી હતી. સમાપન કાર્યક્રમમાં સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી રાજુભાઈ હકાણી, કોલેજના ચેરમેન શ્રી ડી. જે. ધંધુકિયા, કોલેજના પ્રિન્સિપાલ ડૉ. સંતોષભાઈ યાદવ, પ્રાથમિક શાળાના

આચાર્ય શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયા ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના ચેરમેન શ્રી ડી. જે. ધંધુકિયા અને ટિચર્સ ટ્રેનિંગ કોલેજના આચાર્ય શ્રી ડૉ. સંતોષભાઈ યાદવ દ્વારા કરવામાં આવેલ.

**ઈન્ટર્નશીપ :** કોલેજમાં ડી. એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ.) ૨૦૨૧-૨૩ ની બેચના તાલીમાર્થીઓની અભ્યાસક્રમ અનુસાર **ઈન્ટર્નશીપ** સી.પી. બાળકોની શાળામાં તા. ૧૦ થી ૨૫ જૂન દરમ્યાન યોજવામાં આવેલ.

**ગુરૂપૂર્ણિમા :** કોલેજમાં તા. ૦૩ જૂલાઈ ના રોજ **ગુરૂપૂર્ણિમા** દિવસની ઉજવણી કરવામાં આવેલ. જેમાં તાલીમાર્થીઓને ગુરૂનું જીવનમાં કેટલું મહત્વ હોય છે? તેના વિશે સમજૂતી આપી.

**રિસોર્સ પર્સન તરીકે :** PNR સોસાયટી દ્વારા 'Current Status and Future Implementation of NEP-2020 in Equitable and Inclusive Education' વિષય ઉપર તા. ૧૨ થી ૧૪ જૂન ત્રણ



દિવસીય National Conference નું આયોજન કરવામાં આવેલ. જેમાં તા. ૧૪ જૂનના રોજ કોલેજના આચાર્ય ડૉ. સંતોષભાઈ યાદવ દ્વારા "Successful Education of Children with Hearing Impairment and Hard of Hearing in IE with Sample case study" વિષય ઉપર લેકચર લેવામાં આવેલ.

**ઈન્ટરનલ પરીક્ષા :** ડી. એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ.) ૨૦૨૧-૨૩ બેચના તાલીમાર્થીઓની સેમેસ્ટર-૩ અને ૪ ની ઈન્ટરનલ પ્રેકિટકલ અને થિયરીની પરીક્ષા તા. ૧ જૂનથી ૭ જૂન દરમ્યાન યોજાઈ ગઈ.

**બી. એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ.) પ્રવેશ પ્રક્રિયા :** બી. એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ.) ની પ્રથમ તબક્કાની પ્રવેશ પ્રક્રિયા તા. ૨૫ મે થી ૩ જૂન ૨૩ દરમ્યાન કરવામાં આવશે.

**ડી. એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ.) પ્રવેશ પ્રક્રિયા :** કોલેજમાં ડી. એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ.) ની તા. ૫ જૂન થી ૫ જૂલાઈ ૨૩ સુધી પ્રવેશ પ્રક્રિયા શરૂ છે. તા. ૨૫ મે થી ૩ જૂન ૨૩ દરમ્યાન કરવામાં આવશે.

**બી. એડ. સ્પે. એજ્યુ. પરિણામ :** બી. એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ.) ૨૦૨૧-૨૩ બેન્ચનું ૧૦૦% પરિણામ આવેલ. જેમાં પ્રથમ ક્રમાંકે મમતા કુમારી (૭૬.૧૨%) અને દ્વિતીય ક્રમાંકે બલદાણિયા ઉમેશ (૭૩.૬૪%) આવેલ. આ બંને વિદ્યાર્થીઓએ ડેફ હોવા છતા કલાસમાં પ્રથમ અને દ્વિતીય નંબરે પાસ થયેલ અને તેઓએ સાબિત કરી બતાવ્યું છે કે જીવનમાં મહેનત કરવાની ધગશ હોય તો ગમે તેવી પરિસ્થિતિમાં પણ આગળ વધી શકાય છે. આ સાથે જ તેઓએ દિવ્યાંગ બાળકોને જીવનમાં આગળ વધવાનું એક ઉદાહરણ પૂરું પાડયું છે. આ ઉપરાંત બી. એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ.) બીજા સેમેસ્ટરનું પરિણામ ૧૦૦% આવેલ છે.

**નેશનલ સેમિનાર :** તા. ૮ એપ્રિલ થી ૯ એપ્રિલ ૨૩ ના રોજ નહેરૂ ગ્રામ ભારતી, પ્રયાગરાજ, યુ.પી. માં 'National Education Policy-2020 : Making Education More Inclusive and Employable' નેશનલ સેમિનાર યોજાયેલ. જેમાં કોલેજના પ્રોફેસર શ્રી અજિતભાઈ દ્વારા "NEP-2020 : Perspective of higher Education" ટોપિક ઉપર પેપર પ્રેઝન્ટ કરેલ.

કોલેજના પ્રોફેસર શ્રી અજિતભાઈએ સાત દિવસ નેશનલ વર્કશોપ ઓન મેથોડોલોજી (NGBDU) ટોપિક ઉપર પેપર પ્રેઝન્ટ કરેલ. પ્રયાગરાજ યુ.પી. માં ભાગ લીધેલ.

## ટેલિકોમની રાષ્ટ્રિય કમિટીમાં શ્રી ડી.જે. ધંધુકિયાની નિયુકતી



PNR ભાવનગર ગ્રાહક સુરક્ષા મંડળને, ટેલિકોમ રેગ્યુલર ઓથોરિટી ઓફ ઈન્ડિયા (trai) નવી દિલ્હીએ કન્ઝયુમર એડવોકસી ગ્રુપ (cag) તરીકે માન્ય કરેલ. જે ટેલિકોમને લગતી સેવાઓ તથા ટેલિફોન કંપનીઓને લગતી ફરિયાદો જેવી કે ઈન્ટરનેટ સ્પીડ, પ્લાન, ખોટું બીલ, કોલ ડ્રેપના પ્રશ્નો સાંભળી ન્યાય અપાવવો. ટ્રાઈ CAG ને નાણાંકિય સહાય આપે છે. કેન્દ્રમાંથી આ સહાય આપવા ટ્રાઈની CUTCEF નામની કમિટીમાં સમગ્ર ભારતમાંથી માત્ર પાંચ સભ્યો CAG ના હોય છે, તેમાં ભાવનગર ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ તથા PNR સોસાયટીના સહમંત્રી શ્રી ડી.જે. ધંધુકિયાની આ કમિટીમાં પસંદગી કરાતા ગુજરાતનું ગૌરવ વધારેલ છે. જેથી સંસ્થા પણ ગર્વ અનુભવે છે.

# શેઠ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ

સૂર્યકાંત ચાવડા

## નિષ્ણાંત ડૉક્ટરશ્રીઓ સેવા આપવા સંસ્થામાં જોડાયા છે, જેમાં...

૧. ડૉ. ગવેન્દ્ર દવે (MS. ENT) તથા ડૉ. રાજી દવે (MS. ENT) તા. ૧૬-૫ થી દરરોજ બપોરે ૧ થી ૨ અને સાંજે ૫ થી ૭ માટે કાન-નાક-ગળાની સારવાર વિભાગમાં તેઓ સેવા આપશે.

૨. ચામડીના રોગોના નિષ્ણાંત ડૉ. સંદીપ લાઠિયા તા. ૬-૫ થી સોમ, બુધ, સાંજે ૬:૩૦ થી ૭:૩૦ સેવા આપશે.

૩. માનસિકના રોગોના નિષ્ણાંત ડૉ. મૈત્રેયી શાસ્ત્રી દર બુધ, શુક્ર, સવારે ૧૦ થી ૧ સેવા આપશે.

૪. હરસ, મસા, ભગંદરના નિષ્ણાંત ડૉ. રવી હુંબલ (કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ) તા. ૮-૫ થી સોમ, મંગળ, બુધ, સવારે ૧૦ થી ૧ સેવા આપશે.

૫. ચામડીના રોગોના નિષ્ણાત ડૉ. જયદીપ પરમાર તા. ૫-૭ થી દરરોજ સવારે ૧૧ થી ૧૨ સેવા આપશે.

૬. હાડકાના રોગોના નિષ્ણાંત ડૉ. જયસિંહ ચૌહાણ તા. ૧૩-૭ થી દરરોજ સાંજે ૫ થી ૭ સેવા આપશે.

૭. આંખના સર્જન ડૉ. નિશાબેન શાહ દરરોજ સાંજે ૪ થી ૭ સેવા આપશે. પ્રથમ દિવસે ૯ દર્દીઓને તપાસ્યા હતાં.

આ તમામ ડૉક્ટરશ્રીઓનું સંસ્થાના માનદ મંત્રી શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા, ખજાનચી શ્રી કીર્તિભાઈ ગાંધી, ડૉ. ગૌરાંગભાઈ, શ્રી ચેતનભાઈ રાણા, શ્રી વસંતભાઈ, શ્રી પટેલ વિગેરેએ સ્વાગત સાથે સન્માન કર્યું હતું.

વી.સી. લોઢાવાળા હોસ્પિટલ ખાતે ડૉ. રૂચિ પ્રબતાણીએ તા. ૧૫-૫-૨૩ ના આંખના મોતિયાનું પ્રથમ ઓપરેશન કરેલ.

**નોંધ :** તા. ૧-૪-૨૨ થી ૩૧-૩-૨૩ સુધીના એક વર્ષમાં કુલ ૨૦૪૯૩ દર્દીઓએ ૨૩૭૩૩ તબીબી સારવાર મેળવી.



## નિઃશૂલ્ક મેગા કેમ્પ સંપન્ન :

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત શેઠ શ્રી વી.સી. લોઢાવાળા માતૃત્વ અને બાળ હોસ્પિટલના ૪૭માં સ્થાપના વર્ષ નિમિત્તે શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિક્લિનિક ખાતે તા. ૨૪ જૂનના રોજ **નિઃશૂલ્ક મેગા કેમ્પ**. સ્વ. હિંમતલાલ માધવજીભાઈ ચાવડાના સ્મરણાર્થે શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા અને પરિવારના આર્થિક સહયોગથી યોજાયો હતો. જેમાં આંખ સર્જન ડૉ. હર્ષાબેન મહેશ્વરી અને ડૉ. રૂચિબેન પ્રબતાણી,કાન-નાક-ગળા સર્જન ડૉ. આર. દવે, તાવ-શરદી-ઉધરસ માટે ડૉ. મુકુંદભાઈ પંડયા, માનસિક રોગ નિષ્ણાંત ડૉ. મૈત્રેયી શાસ્ત્રી, ચામડીના રોગ નિષ્ણાંત ડૉ. સંદીપભાઈ લાઠિયા, ફિઝીયોથેરાપી માટે ડૉ. પ્રિયાંશીબેન પરમાર અને ડૉ. ધ્રુવિકા ભટ્ટી દ્વારા સેવા આપવામાં આવેલ છે. નિઃશૂલ્ક સેવાનો લાભ કુલ ૧૦૮ દર્દીઓએ લીધેલ છે. ઉપપ્રમુખ શ્રી રાજેશભાઈ હકાણી, દાતા અને માનદ મંત્રી શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા તથા ઉપસ્થિત ડૉક્ટરશ્રીઓના હસ્તે દીપ પ્રગટાવી કેમ્પ શરૂ કરાયો હતો. કેમ્પને સફળ બનાવવા શ્રી વસંતભાઈ અને સ્ટાફે જહેમત ઉઠાવેલ.



## સિવણ વર્ગ :

સંસ્થાના શુભેચ્છક અને દાતા શ્રી ડી.કે. અજમેરાના જમાઈ સ્વ. શ્રી રશ્મિકાંત શાહના સ્મરણાર્થે હસ્તે શ્રી લોપાબેન રશ્મિકાંત સહાયની ઉદાર સખાવતથી હોસ્પિટલ ખાતે રસ ધરાવતા જરૂરતમંદ બહેનોને આર્થિક પગભર થાય તે હેતુસર **સિવણ વર્ગ** શરૂ કરવામાં આવેલ છે. આ સિવણ વર્ગમાં આજ સુધીમાં બે બેંચની તાલીમ પૂર્ણ થયેલ છે. તેમાં તાલીમ પામેલ બહેનોને પુરસ્કાર અને પ્રમાણપત્ર વિતરણનો કાર્યક્રમ સંસ્થાના માનદ મંત્રી શ્રી સૂર્યકાંતભાઈ ચાવડાની અધ્યક્ષતામાં તા. ૨૫-૨ ના રોજ સંસ્થામાં યોજાયેલ. જેમાં ખજાનચી

શ્રી કીર્તિભાઈ ગાંધી, શ્રી ચેતનભાઈ રાણા, ડૉ. સુનિલભાઈ, શ્રી વસંતભાઈ સિવણના વર્ગ શિક્ષક શ્રી નીતાબેન ઉપસ્થિત રહેલ અને પ્રસંગોચિત વકતવ્યો આપેલ. પ્રથમક્રમે નાવડિયા મોક્ષાબેનને રૂા. ૬૦૦૦, બીજાક્રમે શેખ સુઝાનને રૂા. ૫૦૦ અને ત્રીજાક્રમે આવનાર મલાડા શેરબાનુંને રૂા. ૩૦૦ નો રોકડ પુરસ્કાર અર્પણ કરવામાં આવેલ. જયારે બીજી બેચના પ્રથમક્રમે ભટ્ટ આયુષીને રૂા. ૧૦૦૦, બીજાક્રમે બારૈયા દ્રષ્ટિબેનને રૂા. ૫૦૦ અને ત્રીજાક્રમે મકવાણા રજીયાબેનને રૂા. ૩૦૦ રોકડ પુરસ્કાર અને તેઓ સહિત તાલીમ પામેલ બહેનોને ઉપસ્થિત સૌના હસ્તે પ્રમાણપત્રો અર્પણ કરવામાં આવેલ. બહેનોએ પોતાના તાલીમ અનુભવો અને તે પછી કરેલ કામગીરી વિશે માહિતી આપી હતી. જે આ તાલીમની સફળતા દર્શાવતી હતી હવે પછી ત્રીજી બેચના તાલીમ વર્ગના પ્રથમ આવનારને રૂા. ૬૦૦૦, દ્વિતીયને રૂા. ૩૦૦૦, તૃતીયને રૂા. ૧૫૦૦ રોકડ પુરસ્કાર આપવાની જાહેરાત દાતા શ્રી ડી.કે. અજમેરાએ કરી છે.





સ્વ. ભાવસાર દેવચંદભાઈ મુળજીભાઈ તળાજીયા અને સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા

# 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા

✍ નેહલ ગઢવી



## વિશ્વ ડાઉન સિન્ડ્રોમ દિવસની ઉજવણી :




સમગ્ર વિશ્વમાં ૨૧ માર્ચ **વિશ્વ ડાઉન સિન્ડ્રોમ દિવસ** તરીકે ઉજવવામાં આવે છે જે અંતર્ગત શાળામાં પણ આ દિવસની વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવેલ. જેમાં શાળામાં તાલીમ મેળવતા ડાઉન સિન્ડ્રોમ બાળકો વચ્ચે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. તેમજ ફેશન શો, દેશભક્તિના ગીત તેમજ યોગની સુંદર સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવેલ. ડાઉન સિન્ડ્રોમ બાળકો તથા દિવસ વિશે શ્રી રેશ્માબેન શાહે આંકડા સાથે રસપ્રદ માહિતી રજૂ કરેલ. સાથો-સાથ ડાઉન સિન્ડ્રોમ બાળકોના વાલીઓને સન્માનિત કરવામાં આવેલ. વિશેષમાં આ પ્રોગ્રામમાં અતિથિવિશેષ તરીકે પણ ડાઉન સિન્ડ્રોમ બાળકોની માતાઓ શ્રી સોનલબેન દેસાઈ તેમજ શ્રી રીટાબેન વોરા ઉપસ્થિત રહેલ. અંતમાં ચિત્ર સ્પર્ધામાં વિજેતા બાળકોને ઈનામ આપવામાં આવેલ. ચિત્ર સ્પર્ધાનું સમગ્ર આયોજન શ્રી પુજાબેન રાઠોડ તથા સાંસ્કૃતિક કૃતિઓનું સંકલન ડૉ. ભાવનાબેન અંધારિયાએ કરેલ. આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સુંદર રીતે સંપન્ન થયેલ.

## નિષ્ણાતો સાથે પરિસંવાદ પ્રોગ્રામ :

શાળામાં તા. ૨ એપ્રિલ ૨૩ ના રોજ **વિશ્વ ઓટિઝમ ડે** ની ઉજવણીના ભાગરૂપે નિષ્ણાંતો સાથે પરિસંવાદ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. જેમાં અમદાવાદના ઓક્યુપેશનલ થેરાપિસ્ટ ડૉ. વિધિબેન શાહ તેમજ ડૉ. કૌશલભાઈ ભટ્ટના પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાલીઓને નિરામયા હેલ્થ પોલિસી અંતર્ગત ઓક્યુપેશનલ તેમજ ફિઝીયોથેરાપીની ઘર પ્રવૃત્તિ અંગે માહિતગાર કરવામાં આવેલ. સાથો-સાથ ઓક્યુપેશનલ થેરાપિસ્ટ ડૉ. વિધિબેન શાહે શાળાના શિક્ષકો સાથે ઓક્યુપેશનલ થેરાપી દ્વારા બાળકોની પ્રવૃત્તિ અંગે ગહન માર્ગદર્શન આપેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ કરેલ.

## સેમિનાર - વાર્ષિક વાલી મિટીંગ :

શાળામાં તા. ૨૫ એપ્રિલ '૨૩ના રોજ સેમિનાર - વાર્ષિક વાલી મિટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં ડૉ. ધવલભાઈ સોલંકી (પિડીયાટ્રિશ્યન) એ મંદબુધ્ધિ બાળકોના ડાયેટ પ્રોગ્રામ વિશે પાવર

પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વાલીઓને ખૂબ ઉપયોગી માહિતી આપેલ. તેમજ સંસ્થાના માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, શ્રી ધંધુકિયા સાહેબે વાલીઓને શાળામાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ તથા બાળકના વિકાસમાં વાલીઓની ભૂમિકા વિશે વાત કરેલ. સંસ્થાના ઉપપ્રમુખ શ્રી વિનુભાઈ હકાણી તથા ટ્રસ્ટી શ્રી રાજેશભાઈ હકાણી તરફથી શાળાના તમામ બાળકોને ADL કિટ આપવામાં આવેલ તથા અન્ય દાતા શ્રી પ્રતિકભાઈ દવે, શ્રી રીકુભાઈ શાહ દ્વારા દરેક બાળકોને વોટર જગની ગિફ્ટ આપવામાં આવેલ. આ મિટીંગમાં બહોળી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમનું સંચાલન શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ અને આભારવિધિ શ્રી પારૂલબેન પાઠકે કરેલ. આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સુંદર રીતે સંપન્ન થયેલ.




## ભાનુવાડી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર

### એજ્યુકેશનલ વિઝીટ :

શહેરની સિલ્વર બેલ્સ ઈંગ્લીંશ મિડીયમ સ્કૂલના ધો. ૬ થી ૮ ના ૧૦૦ બાળકોએ તેમના બેગ લેસ એજ્યુકેશન, સ્કીલ ટ્રેનિંગના ભાગરૂપે શાળાના ભાનુવાડી વોકેશનલ સેન્ટરની મુલાકાત લીધેલ અને સેન્ટરમાં બનાવવામાં આવતી વિવિધ પ્રોડક્સ વિશે માહિતી મેળવેલ.

### મુલાકાત :



શાળામાં તા. ૧૩-૦૬-'૨૩ ના રોજ રીહેબિલિટેશન કાઉન્સીલ ઓફ ઈન્ડિયા (RCI) ન્યૂ દિલ્હીના ચેરપર્સન ડૉ. સુદેશ મુખોપાધ્યાયે **મુલાકાત** લીધેલ.

### આંતરરાષ્ટ્રિય યોગ દિવસની ઉજવણી :



શાળામાં દર વર્ષની માફક આ વર્ષે પણ તા. ૨૧-૦૬-'૨૩ ના રોજ **આંતરરાષ્ટ્રિય યોગ દિવસ** ની ઉજવણી કરવામાં આવેલ. શિક્ષક શ્રી પારસભાઈ પરમારે યોગના મહત્વ વિશે વાત કરેલ. તેમજ શાળાના મ્યુઝિક થેરાપિસ્ટ ડૉ. ભાવનાબેન અંધારિયા દ્વારા બાળકો, તાલીમાર્થીઓ તથા શિક્ષકોને વિવિધ યોગ તથા પ્રાણાયમ કરાવવામાં આવેલ. શિક્ષક શ્રી જયપાલસિંહ ગોહિલના સંકલન હેઠળ સુંદર રીતે યોગ દિવસ મનાવવામાં આવેલ.

### પ્રવેશોત્સવ... ઉજ્જવળ ભવિષ્યનો... :




તા. ૦૧-૦૭-'૨૩ના રોજ દર વર્ષની માફક આ વર્ષે પણ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી ભગિરથસિંહ ચુડાસમાના અતિથિ વિશેષ પદે **શાળા પ્રવેશોત્સવ**નું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થીના શ્લોકગાન દ્વારા કરવામાં આવેલ. માનદ મંત્રીશ્રીએ આવેલ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરેલ અને નવા પ્રવેશ મેળવેલ બાળકોનું અભિવાદન કરેલ. ત્યારબાદ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩ માં નવા પ્રવેશ પામેલ બાળકોને શ્રી ભગિરથસિંહ ચુડાસમા, માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી તથા અન્ય મહેમાનોએ તિલક વિધિ-મોં મીઠું કરાવી, તેમજ શૈક્ષણિક કીટ ભેટ આપી શાળા પ્રવેશ કરાવેલ. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩ દરમ્યાન બાલવાટિકા વિભાગમાં ૧૦ તથા શાળામાં ૧૧ કુલ ૨૧ બાળકોએ પ્રવેશ મેળવેલ.

કાર્યક્રમનું સંચાલન ડૉ. ભાવનાબેન અંધારિયાએ તથા આભારવિધિ શ્રી મેઘજીખાન સાયબાણીએ કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી પારૂલબેન પાઠક તથા શ્રી હિનાબેન ગળથરિયાએ કરેલ.

## રસીકરણ કેમ્પ :

તા. ૧૩-૦૭-૨૩ ના રોજ અર્બન હેલ્થ સેન્ટર ભરતનગરના સહયોગથી શાળામાં ૧૦ વર્ષ અને ૧૬ વર્ષની ઉંમરના બાળકો માટે ટીટનેસ + ડિપ્થેરીયા (T.D.) **રસીકરણ કેમ્પ** યોજાયેલ. જેમાં કુલ ૨૨ બાળકોને રસી આપવામાં આવેલ. આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ શ્રી પારસભાઈ પરમારે આ કેમ્પને સફળ બનાવવા સરાહનીય કામગીરી બજાવેલ.





# સ્વ. શશીકાંત સાકરલાલ વેલાણી ટિચર્સ ટ્રેનિંગ કોલેજ ફોર આઈ.ડી. ચિલ્ડ્રન



ડો. ભાવિકા કામદાર

## વર્લ્ડ ઓટિઝમ અવરનેસ ડે

અંકુર શાળા સંચાલિત સ્વ. શશીકાંત સાકરલાલ વેલાણી સ્પેશ્યલ એજયુકેશનલ **(IDD)** ટીચર્સ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓ દ્વારા તેના પ્રોજેકટના ભાગરૂપે તારીખ ૨જી એપ્રિલ **"World Autism Awareness Day"** સંદર્ભે ભાવનગર શહેરની વિવિધ શાળાઓમાં જઈ ઓટિઝમ એટલે શું ?, તેના લક્ષણો, કારણો અને વર્તણુંક સમસ્યા અને સમાધાન, તેમજ તેને આપવામાં આવતી વિવિધ થેરાપીઓ અને સ્પેશ્યલ એજયુકેશન વિશે ચાર્ટ, ફલેશ કાર્ડ, નાટકો દ્વારા અત્યંત ઝીણવટપૂર્વક ઉપયોગી માહિતી આપી અને સામાન્ય શાળાઓના અને વિદ્યાર્થીઓમાં પણ ઓટિઝમ અંગે અવેરનેસ લાવવાના ઉમદા પ્રયાસો કરવામાં આવેલ અને સાચા અર્થમાં **"World Autism Awareness Day"** સાર્થક કરવાનો પ્રયાસ કરેલ. કોલેજના કો-ઓર્ડિનેટર ડૉ. શ્રી ભાવિકાબેન કામદારે આ અંગે દરેક તાલીમાર્થીઓને જરૂરી ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડી આ અવેરનેસ પ્રોગ્રામને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવેલ.

## પરીક્ષા :

તા. ૨૬-૦૬-૨૩ થી તા. ૦૧-૦૭-૨૩ દરમિયાન ટિચર્સ ટ્રેનિંગ કોલેજના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓની થીયરી ઈન્ટરનલ **પરીક્ષા** યોજાયેલ.

## યોગ અવેરનેસ રેલી :




તા. ૧૭-૦૬-૨૩ ના રોજ ટિચર્સ ટ્રેનિંગ કોલેજ દ્વારા આગામી આંતરરાષ્ટ્રિય યોગ દિવસની લોકોમાં જાગૃતિ કેળવાય તેવા ઉમદા આશય સાથે **યોગ અવેરનેસ રેલી** નું આયોજન કરવામાં આવેલ. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી ભગિરથસિંહ ચુડાસમા, માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીએ રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવેલ. આ રેલીમાં શાળાના બાળકો, સ્ટાફ તથા ટિચર્સ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓ જોડાયેલ. તેમજ તાલીમાર્થીઓએ યોગની જાગૃતિ અંગે આકર્ષક સ્લોગન સાથેના બેનર તૈયાર કરેલ, જેમણે રેલીમાં ખૂબજ આકર્ષણ જમાવેલ. આ સમગ્ર કાર્યક્રમ કો-ઓર્ડિનેટર ડૉ. શ્રી ભાવિકાબેન કામદારના માર્ગદર્શન હેઠળ સુંદર રીતે સંપન્ન થયેલ.

## ભાવી દિવ્યાંગ ડૉકટરોએ જાણવા જેવું.

**દિવ્યાંગોને નીટ પરીક્ષા પછી દિવ્યાંગતા પરીક્ષણ કરાવવાનું રહેશે.**

ડૉકટર બનવા એમ.બી.બી.એસ. માટેની નીટ પરીક્ષામાં ૩૫૦૦ દિવ્યાંગો પાસ થયા છે, હાલ ૪૮૦૦૦ એમ.બી.બી.એસ. ની જગ્યા જુદી-જુદી ગવર્નમેન્ટ મેડિકલ કોલેજોમાં છે. તેમાં ૫% ની રૂએ દિવ્યાંગ માટે આશરે ૨૪૦૦ જગ્યા છે. આ પરિસ્થિતિમાં નીટ પરીક્ષાના આયોજકોએ દિવ્યાંગ પરીક્ષણ માટે ૧૬ કેન્દ્ર જુદા-જુદા રાજ્યોમાં ખોલેલ છે. જયાં પાસ થયેલ દિવ્યાંગે પરીક્ષણ કરાવવાનું રહેશે. દિવ્યાંગતા ૪૦% થી વધુ હોવી જરૂરી છે. ૮૦% થી વધારે દિવ્યાંગતાને પ્રવેશ માટે યોગ્ય નહી ગણાય. આમ દિવ્યાંગો જેમણે નીટ પરીક્ષા ખાસ કરેલ છે, તેમણે પરીક્ષણ કેન્દ્રો પાસે પરીક્ષણ કરાવી સર્ટિફીકેટ લેવું પડશે. આમ નીટમાં સફળ થનાર દિવ્યાંગ વિદ્યાર્થીઓ એમ.બી.બી.એસ. કરવા એક વધારાની પરીક્ષા પાસ કરવાની રહેશે.

**- સૌજન્ય : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા**

# વિવિધા

## દિવ્યાંગ બાળા દ્વારા સર્જિત દુનિયા ડોલાવી એક રીંછના રમકડાએ !

અમેરિકાના પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટે ટેડી બેર (રીંછનું બચ્ચું)ને હાથમાં ઉપાડી લીધું, સાથે કેમેરામેન હતા. તેમણે ચપોચપ કેમેરાની ચાંપો દાબી. અમેરિકાના પ્રમુખના હાથમાં ટેડી બેર સાથેની છબી ઝડપી લીધી. એ છબીનો ત્યારે એટલો પ્રચાર થયો કે ન પૂછો વાત. અરે, દુનિયાભરના છાપાઓમાં એ છબીને ખ્યાતિ મળી ગઈ. એ છબી જોઈ જર્મનીની એક બાળાએ, ગ્લેન્જન ગામની એ બાળા બાળ-લકવાના રોગથી પીડાતી હતી. અઢી વર્ષની ઉંમરથી જ તેના પગ રહી ગયા હતા. શરીરનો ઉપરનો ભાગ જ હાલી ચાલી શકતો. પથારીમાં બેઠી-બેઠી જ તે કાંઈક કામ કરી શકતી. છબી નજરે પડતા જ તેને એક યુક્તિ સુઝી. તેણે એ રીંછનું રમકડું બનાવવા માંડયું. પ્રમુખ રૂઝવેલ્ટ પાસે જેવું રીંછ હતું. તેવું જ રીંછ માર્ગારિટે બનાવવા માંડયું. સમય થયો. પણ જયારે ટેડીબેર તૈયાર થયું. ત્યારે તો જોનારાને મઝા આવી ગઈ. સમાચાર એક રમકડાંવાળાને પહોંચ્યા. તેણે તો માર્ગારિટને મોટી રકમ આપી એ રમકડું બનાવવાના હક્કો મેળવ્યા. જર્મનીનું એ કારખાનું હજારોની સંખ્યામાં ટેડી બેર બનાવવા લાગ્યું. અમેરિકામાં એ બેર પહોંચ્યું. તો ત્યાંથી લાખોના ઓર્ડર મળ્યા. પછી તો ટેડી બેરની ખ્યાતિ દુનિયામાં બધે ફેલાઈ ગઈ. પછી સર્વત્ર દુનિયાભરમાં બધે જે મોટા ભાગના કારખાનાઓમાં ટેડી બેરનું જ રમકડું બનવા લાગ્યું. પલી બાળા પછી તો મોટી થઈ પણ તે એવા જાત-જાતના રમકડાં બનાવતી જ રહી. એ બાળાનું નામ માર્ગારિટ સ્ટાફ. ૧૮૪૭માં જન્મેલી માર્ગારિટનું ૧૯૦૯માં અવસાન થયું. પેલા સાચા ટેડીબેરના પણ અવસાન થયાને દાયકાઓ વીતી ગયા છે, છતાં દુનિયાભરને આજે ટેડી બેર એક કરી રહ્યું છે. એ રીંછ અમેરિકામાં જનમ્યું. જર્મનીમાં ખ્યાતિ પામ્યું. અપંગ બાળાને તેણે લાખો કમાવી આપ્યા અને દુનિયાભરની એકતાનું પ્રતિક બની રહ્યું. હવે ટેડી બેરનું રમકડું જુઓ, ત્યારે અઆ કથા જરૂર યાદ કરજો.

**- સૌજન્ય : ગુજરાત સમાચાર**

## 'હિમાલયની વ્હીલચેર ક્રિકેટ ટીમે પોતાની અલગ ઓળખ બનાવી છે.'

મુખ્યમંત્રીના રાજકીય સલાહકાર અને હિમાચલ પ્રદેશ ફૂટબોલ એસોસિએશનના પ્રમુખ સુનિલ શમાર્ બિટ્ટુએ જણાવ્યું કે "હિમાચલ પ્રદેશની વ્હીલચેર ક્રિકેટ ટીમે રાષ્ટ્રિય સ્તરે એક અલગ ઓળખ બનાવી છે અને આ વિકલાંગ ક્રિકેટર આપણા બધા માટે પ્રેરણા સ્ત્રોત છે" હમીરપુરના અણું સ્ટેડિયમમાં આ ટીમના ચાલી રહેલા ૧૦ દિવસીય ટ્રેનિંગ કેમ્પમાં વિકલાંગ ક્રિકેટરોને પ્રોત્સાહિત કરવા આવેલા સુનીલ શર્માએ કહ્યું કે આ ખેલાડીઓનો ક્રિકેટ પ્રત્યેનો જુસ્સો દર્શાવે છે કે આ ખેલાડીઓ કોઈથી ઓછા નથી." તેમણે કહ્યું કે અણું સ્પોર્ટ્સ કોમ્લેકસમાં અલગ-અલગ વિકલાંગ ખેલાડીઓ માટે પૂરતી સુવિધાઓ છે અને હજુ વધુ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેથી તેઓ રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સ્તરે સારો દેખાવ કરી શકે.

## મહારાષ્ટ્રમાં શિંદે સરકારની પહેલ પર અપંગ કલ્યાણ મંત્રાલયની રચના

મુંબઈ (ન્યૂઝ ડેસ્ક.) મહારાષ્ટ્ર સરકારે વિકલાંગોની સમસ્યાઓના નિરાકરણ માટે વિકલાંગ કલ્યાણ મંત્રાલયની રચના કરી છે. જેના કારણે તેમને સરકારી કચેરીઓમાં જવું પડશે નહીં. આ નવા વિકલાંગ કલ્યાણ મંત્રાલય હેઠળ ૭ જૂને મુંબઈના ગોરેગાંવ નેસ્કો સેન્ટરમાં એક મોટી શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨ હજારથી વધુ વિકલાંગોએ ભાગ લીધો હતો. મહારાષ્ટ્ર સરકાર દ્વારા બનાવવામાં આવેલા. આ નવા મંત્રાલયનો હેતુ છે તમામ યોજનાઓ યોગ્ય રીતે દિવ્યાંગો સુધી પહોંચી શકે અને તેઓ તેનો લાભ મેળવી શકે.

## ધરતીકંપ અને ભાવનગરની PNR સોસાયટી 'એક યશગાથા'

થોડા સમય પહેલા ટર્કી અને સીરીયા દેશમાં થયેલા ધરતીકંપથી મોટી જાનહાની થઈ તેના સમાચારથી બધા પરિચિત છે ત્યારે, ભૂતકાળમાં ગુજરાત-ભારતમાં ૨૦૦૧માં થયેલા ધરતીકંપથી થયેલી ખુવારી અને તે પછી પાકિસ્તાનકમાં થયેલા ધરતીકંપ અને તે સાથે ભાવનગરની PNR સંસ્થા અંગે સંકળાયેલી વાતો અહીં પ્રસ્તુત કરતા રોમાંચ અનુભવું છું. ૨૦૦૧માં થયેલા ધરતીકંપથી ખૂબ મોટી ખુવારી ગુજરાતના કચ્છમાં થયેલી અને ત્યારે ભાવનગરની અતિ પ્રતિષ્ઠિત સંસ્થા PNR સોસાયટીના સન્નિષ્ઠ સેવકો અને પેરામેડિકલ કર્મચારીઓએ સરસ કાર્ય નિભાવ્યું અને લોકોના પુનર્વસનના કામમાં અપ્રતિમ પરિણામો આપ્યાં. જે કાર્યોથી તે વખતના અમેરિકાના પ્રમુખ બિલ કિલન્ટન ખૂબ પ્રભાવિત થયેલ અને કૃત્રિમ હાથ સાથેની એક કન્યા સાથે છે, તેવો એક ફોટોગ્રાફ પણ સંસ્થામાં છે. ધરતીકંપને સહન કરી શકે અને મકાનને નુકસાન ન થાય એવું મકાન માટે અહિંના બહેરાં-મૂંગા શાળાનું મકાન ૨૦૦૧ના ધરતીકંપને પચાવી ગયું અને ભાવનગરના સુખ્યાત આર્કિટેકટ શ્રી રજનીકાન્ત મચ્છરે કહ્યું હતું કે, "આ મકાનને આવતા ૬૦૦-૮૦૦ વર્ષ સુધી કંઈ થાય એમ નથી." બહેરાં-મૂંગા મકાનમાં આવેલું ઓડિટોરિયમ પણ વિશિષ્ટ છે અને દિવ્યાંગ ફ્રેન્ડલી બનાવવામાં

આવ્યું છે, જેથી દિવ્યાંગ બાળક પણ ક્રોલિંગ કરીને છેક ઉપર સુધી પહોંચી શકે છે. અહિંના મકાનોના મુખ્ય આર્કિટેકટ ભાવનગરના જ સ્વ. ધનસુખભાઈ ભટ્ટ હતાં. જેઓ ભાવનગરના વિદ્યાનગર વિસ્તારમાં રહેતા, અભ્યાસ માટે અમેરિકાની યેલ યુનિવર્સિટીમાં ગયેલા, જયાં બિલ કિલન્ટ અને પેપ્સીકોલાના ચેરમેન ઈન્દિરા નુયી પણ અભ્યાસ માટે ગયેલા. પછી ધનસુખભાઈ અમદાવાદ સ્થાયી થયા અને તેમના ડિઝાઈન કરેલા અનેક મકાનો, અમેરિકા, અમદાવાદ અને ભાવનગરમાં શહેરની શોભા વધારતા ઊભા છે. ઈમ્પેકટ ફાઉન્ડેશનના સહકારથી કચ્છના ધરતીકંપ પછી લોકોનું પુનઃસ્થાપન કરવામાં સફળ નીવડેલી પી.એન.આર. સોસાયટીને ખૂબ પ્રસિધ્ધિ મળી અને એ પછી આ કામમાં નિપૂણતા પ્રાપ્ત કરી હોવાથી અન્ય દેશોમાં થયેલા ધરતીકંપના પ્રસંગે પણ આ સંસ્થાનો સંપર્ક કરવામાં આવે છે.

૮ ઓકટોબર ૨૦૦૫ના દિવસે પાકિસ્તાનના કવેટા વિસ્તારમાં થયેલા ધરતીકંપથી ૨૫૦૦૦ માણસો મૃત્યુ પામ્યા અને મકાનોને ખૂબ નુકસાન થયું, ત્યારે પાકિસ્તાનના ઈમ્પેકટ ફાઉન્ડેશને પી.એન.આર. નો સંપર્ક કર્યો અને તે પણ ઈમ્પેકટ ફાઉન્ડેશનના ઈન્ગ્લેન્ડ સ્થિત મુખ્ય કાર્યાલયના કહેવાથી. ત્યારે પાકિસ્તાનના પ્રમુખ તરીકે પરવેઝ મુશરફ હતા. આ એક એવી ઘટના કે બીજા દેશના નિષ્ણાંતોના સહકાર વિના કોઈ દેશ કે તેનો પ્રાંત ઊભો ન થઈ શકે. પણ પાકિસ્તાનની મોટા ભાગની વસ્તી અંધશ્રધ્ધાવાળી અને રૂઢિચુસ્ત. અન્ય દેશના લોકો તેમને અભડાવવા અને ધર્મપરિવર્તન માટે આવ્યા છે તેમ માનનારા. આ વખતે પાકિસ્તાન સરકારે-ઈમ્પેકટની મદદ માંગી, ત્યારે પી.એન.આર. ના કૃત્રિમ અંગ વિભાગના ઓર્થોટિકસ અને પ્રોસ્થેટિકસના નિષ્ણાંત શ્રી વિજયભાઈ નાયકે પૂરી સમજણ સાથે કહ્યું કે, ''આ ધરતીકંપથી માણસોને થયેલી ઈજાઓ અને નુકશાનનું એસેસમેન્ટ કરો અને જણાવો કે તમારે શું મદદ જોઈએ છે ?'' આ એક સમજણપૂર્વકની ચાલ હતી. એટલે પછી કવેટા-પાકિસ્તાનથી કોઈ સંદેશાઓ આવ્યા જ નહીં. થયું એવું કે તેના બીજા જ વર્ષે પોલિયો ઈરેડિકેશનના ભાગરૂપે બાળકોને ટીપાં પીવરાવવાનો કાર્યક્રમ યોજાયો, ત્યારે ત્યાંની વસ્તીએ એમ કહ્યું કે 'આ ટીપાં પીવરાવીને અહીંની પ્રજાને વટલાવવામાં આવી રહ્યાં છે.' એટલે ત્યાં સેવા કરી રહેલા ડૉકટરો અને પેરામેડિકલ સ્ટાફને ગોળીએ દીધા. જેમાં ૧૩ લોકોના મૃત્યુ થયેલાં. પાછલાં થોડાં સમયમાં પણ આવી જ ઘટના બન્યાનું પ્રકાશમાં આવ્યું છે. આવા જ એક બનાવમાં ડૉકટરોએ તેમના જીવ ગૂમાવ્યા છે. પાકિસ્તાન હજી ત્યાંનું ત્યાં જ છે. કોઈ પરિવર્તન આવ્યું જ નથી.

ધરતીકંપથી જાનમાલને નુકશાન ન થાય તેવા ધરતીકંપ ક્રેન્ડલી મકાનો પણ કચ્છમાં બનાવવામાં આવેલાં અને હવે અર્થકવેકથી નુકશાન થયેલા ટર્કી અને સિરીયાના લોકો પણ આવા મકાન પોતાના દેશમાં બનાવી શકે. કચ્છમાં ધરતીકંપ આવ્યાના ૨૩ વર્ષ પછી પણ PNRના માધ્યમથી બનેલા એ મકાનો સારી હાલતમાં છે. ભારતમાં જોશીમઠ અને અને અન્ય પ્રદેશમાં મકાનોને થયેલા નુકશાન સામે પડકાર ઝીલવા માટે કેન્દ્ર અને સરકારે સાબદા થવાની જરૂર છે.

**- પીયૂષ પારાશર્ય**

## ઓટિઝમ પીડિત ૧૧ વર્ષની બાળાને માસ્ટર ડિગ્રીમાં પ્રવેશ

**મેક્સિકો સિટી :**

પ્રતિકુલ પરિસ્થિતિમાં ધીરજ અને લગનથી કેવી રીતે આગળ વધી શકાય તેનું ઉદાહરણ મેક્સિકો દેશની મેકિસકો સિટીની કુ. **આધારા પેરેજ સાંચેજ** છે. ૧૧ વર્ષની આ બાળા ઓટિઝમ (સ્વલીનતા)થી પીડિત છે. આવા બાળકો માટે વાંચવું, લખવું અને શીખવું મુશ્કેલ થઈ જાય છે. પરંતુ આધારાએ આટલી નાની ઉંમરમાં એક યુનિવર્સિટીની એન્જિનિયરીંગ શાખામાં માસ્ટર ડિગ્રી માટે પ્રવેશ લીધો છે. આઈકયુના સંદર્ભમાં આધારાનું મગજ વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈ નસ્ટાઈન અને સ્ટીફન હોકિંગ કરતા પણ વધારે છે, આ વૈજ્ઞાનિકોનો આઈકયુ ૧૬૦ માનવામાં આવે છે, જયારે આધારાનું આઈકયુ ૧૬૨ છે. તેણી ત્રણ વર્ષની હતી ત્યારે ખબર પડી કે તે ઓટિઝમ છે. સ્કૂલમાં આધારાને સહપાઠીઓની મજાક સહન કરવી પડતી હતી. છતાં તેણે ધ્યાન ભણવામાં જ પરોવ્યું. પાંચ વર્ષે પ્રાથમિક સ્કૂલનો અભ્યાસ પૂરો કર્યો. પછી સ્નાતક સુધીનો અભ્યાસ પૂરો કર્યો.

આધારાની મા, નાયેલીના જણાવ્યા મુજબ તેની દીકરી ખૂબ ઝડપથી શીખી જાય છે. તેને દરેક વસ્તુ યાદ રહે છે. તે બીજ ગણિત પોતાના મેળેજ શીખી ગઈ છે. અભ્યાસ સાથે આધારા **મેકિસકન સ્પેસ એજન્સી** માટે કામ કરી રહી છે. તે યુવાનોને અંતરિક્ષ અન્વેષણ માટે પ્રેરિત કરે છે, તેનું સ્વપ્નું **નાસા** માટે કામ કરી અંતરિક્ષ યાત્રી બનવાનું છે.

મગજના વિકાસ દરમ્યાન થતી બીમારી ''ઓટિઝમ'' છે, જે વ્યક્તિના સામાજિક વ્યવહાર અને સંપર્કોને પ્રભાવિત કરે છે, તેને સ્વલીનતા, આત્મવિમોહ અથવા સ્વપરાયણતા કહેવામાં આવે છે. આ બીમારીગ્રસ્ત વ્યક્તિ સંકિર્ણ અને પુનરાવર્તનયુકત વ્યવહાર કરે છે. જેમ કે, એકલા રહેવું અને એક જ કામ અથવા એક જ વાતનું રટણ કર્યા કરવું. બાળપણથી જ આ લક્ષણો દેખાવા લાગે છે.

**સૌજન્ય : રાજસ્થાન પત્રિકા**

# વિશિષ્ટ શિક્ષણ ક્ષેત્રે નોકરીની સોનેરી તક

સંતોષ યાદવ

સમાજમાં દરેક વ્યક્તિએ સમૃધ્ધ સુખાકારીથી જીવવાનો, શિક્ષણ મેળવવાનો અને રોજગાર પ્રાપ્ત કરવાનો હક અને અધિકાર છે. આવી જ રીતે દિવ્યાંગ લોકોને પણ સમાન હક અને અધિકાર છે. દિવ્યાંગ બાળકોને સમાન સુખાકારીથી જીવવા માટે શિક્ષણ મહત્વનો પાયો હોય છે. આ પાયાને પૂરો પાડવા માટે વિશિષ્ટ શિક્ષકોની જરૂરિયાત હોય છે.

શિક્ષણ મંત્રાલય (શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ) નવી દિલ્હીના કા. આ. ૪૫૫૫ (અ) તા. ૨૧/૯/૨૦૨૨ અને શિક્ષણના અધિકાર મુજબ દરેક મુખ્ય પ્રવાહની શાળામાં એક-એક વિશિષ્ટ શિક્ષક રાખવાની જોગવાઈ છે. જેમાં દિવ્યાંગ બાળકો અને વિશિષ્ટ શિક્ષકનો ગુણોતર ધો. ૧ થી ૫ માં ૧૦:૧, ધો. ૬ થી ૮ માં ૧૫:૧ છે તેમજ વિશિષ્ટ શાળાઓમાં અભ્યાસ કરતા ધો. ૧ થી ૮ ના દિવ્યાંગ વિદ્યાર્થીઓ જેવા કે બહેરાં-મૂંગા, અંધ બાળકો અને મગજના લકવાવાળા બાળકોનો ગુણોતર ૮:૧ છે, ઉપરાંત મંદબુધ્ધિવાળા બાળકો, ઓટિસ્ટિક બાળકો, શીખવામાં અક્ષમ બાળકો માટે ૫:૧ અને બહુ-દિવ્યાંગ તથા બધિરાંધવાળા બાળકો માટે ૨:૧ નો ગુણોતર નક્કી કરવામાં આવેલ છે.

આ દિશામાં દિવ્યાંગજન અધિકાર અધિનિયમ ૨૦૧૬ અને NEP 2020 ની જોગવાઈ મુજબ માનનીય સુપ્રિમકોર્ટમાં સ્થપાયેલી રિટ પિટિશન (સિવિલ) નં. ૧૩૨/૨૦૧૬, શ્રી રજનીશકુમાર પાંડે તેમજ યુનિયન ઓફ ઈન્ડિયા અને માનનીય સુપ્રિમકોર્ટ દ્વારા પસાર કરેલા તા. ૨૮/૧૦/૨૦૨૧ ના આદેશના પાલનમાં દરેક પ્રાદેશિક સરકાર વિશિષ્ટ શિક્ષકોની સીધી ભરતી જાહેર કરે છે, જેમાં ગુજરાતમાં ૩૦૦૦, રાજસ્થાનમાં ૪૫૦૦, દિલ્હીમાં ૧૭૫૭, બિહારમાં ૭૨૮૯, હરિયાણામાં ૧૨૮૦, ઉત્તરાખંડમાં ૩૮૦, ચંદીગઢમાં ૫૩૬, પશ્ચિમ બંગાળમાં ૨૭૧૫ ઉપરાંત અન્ય રાજ્યોમાં વિશિષ્ટ શિક્ષકોની સીધી ભરતી માટે કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. તેના સિવાય ભારતમાં કુલ ૬૪૩ નવોદય વિદ્યાલય, ૧૨૫૨ કેન્દ્રિય વિદ્યાલય અને ૨૭૨ અન્ય કેન્દ્રિય શાળાઓ છે જેમાં ફરજિયાત એક-એક વિશિષ્ટ શિક્ષક રાખવાની જોગવાઈ સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ છે.


ગુજરાત રાજ્યમાં આધાર ડાયસ મુજબ ધો. ૧ થી ૧૨ માં મુખ્ય પ્રવાહની શાળાઓમાં કુલ ૬૦૪૮૯ દિવ્યાંગ વિદ્યાર્થીઓ તથા વિશિષ્ટ (૭૦) શાળાઓમાં ૧૨૮૭૭ એમ કુલ ૭૩૩૬૬ દિવ્યાંગ બાળકો અભ્યાસરત છે.

ગુજરાત સરકાર દ્વારા તા. ૫/૧/૨૦૨૩ ના રોજ પ્રથમ તબક્કામાં પ્રાથમિક શાળાઓમાં ૩૦૦૦ વિશિષ્ટ શિક્ષકોની ભરતી માટે જાહેરાત કરવામાં આવેલ છે, જેના અનુસંધાને નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની સિંગલ ફાઈલ નં. ૧/૨૦૨૩ના શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના પત્ર ક્રમાંક:પીઆરઈ/૧૧૨૦૧૨/સીસી-૬૮૭/ક તા. ૧૩/૨/૨૦૨૩ થી દિવ્યાંગ બાળકો માટેના વિશિષ્ટ શિક્ષકોની જગ્યા (CP, HL/S.I, M.D, SLD, I.D,/M.R, T.B/L.V, ASD ની દિવ્યાંગતા કેટેગરી) માટે ટેટ-૧ અને ટેટ-૨ પરીક્ષા આયોજિત કરવા સૂચના આપવામાં આવેલ છે. જેમાં ટેટ-૧ માં ૨૨૭૨ અને ટેટ-૨ માં ૨૦૨૪ ફોર્મ ભરાયેલ છે. જેની સામે બંને પરીક્ષામાંથી કુલ ૩૭૩૦ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. સામાન્ય ટેટ-૧ નું ૩.૭૮% પરિણામ આવેલ તેને ધ્યાને લઈ આ વિશિષ્ટ શિક્ષકોની જગ્યા સામે અંદાજિત ૨૫% જ જગ્યા ભરવાની શકયતા છે. ઉપરાંત લગભગ ૪૩૦૦ વિશિષ્ટ શિક્ષકોની જગ્યા સરકાર દ્વારા ટૂંક સમયમાં ભરવાની સંભાવના છે. તેની સામે ગુજરાતમાં સ્પેશ્યલ બી.એડ. અને સ્પેશ્યલ ડી.એડના અભ્યાસ કરેલા તાલીમાર્થીઓની સંખ્યા ખૂબજ ઓછી છે.

ગુજરાત રાજ્યમાં વિશિષ્ટ શિક્ષણના ક્ષેત્રમાં માત્ર પાંચ બી.એડ. કોલેજ અને ૧૧ ડી. એડ. કોલેજ હાલમાં આર.સી.આઈ. દ્વારા માન્યતા પ્રાપ્ત છે, જેમાં પી.એન.આર. સોસાયટી, ભાવનગર સંલગ્નિત સંસ્થાઓમાં શ્રવણબાધિતા, મંદબુધ્ધિ, દ્રષ્ટિ બાધિતા અને બહુ દિવ્યાંગતાના ક્ષેત્રમાં ડી.એડ. સ્તર પર ચાર કોર્સ ચાલે છે તથા બી.એડ. સ્તર પર શ્રવણબાધિતાના ક્ષેત્રમાં એક કોર્સ શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટ્યુટ ફોર ધ ડેફમાં ચાલે છે.

શ્રી કે. કે. અજમેરા ટીચસર્ઝ ટ્રેનિંગ કોલેજ, ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪૦૦૨,
E-Mail : ttcklid@gmail.com, Mo. 9453734226, (0278) 2420836, 2429326

# સાફલ્ય ગાથા 'માધવ'



✍ જીજ્ઞાબેન સોલંકી

એક મધ્યમ વર્ગીય પરિવારમાં માધવ (નામ બદલ્યું છે.) નો જન્મ થતા પરિવારની ખુશીનો પાર ન રહ્યો. પ્રથમ ૩ વર્ષમાં માતા-પિતા બાળક સાથે ઘણી પ્રવૃત્તિઓ કરતા હતા. પરંતુ માધવ તેમાં રૂચિ દર્શાવતો નહીં. તે સામે નજર મેળવતો નહીં, જરૂરિયાત માટે જણાવતો નહીં પગના આંગળા પર ચાલતો તથા સતત દોડા-દોડી કરતો રહેતા. માધવના માતા-પિતા શિક્ષણના વ્યવસાયમાં જોડાયેલ હોય બાળકને રમત-રમતમાં શીખવવા મહેનત કરતા. પરંતુ તે બાળકની સ્થિતિથી અજાણ હતા. તેઓએ નિરાકરણ માટે પોતાના ફેમિલી ડૉક્ટર એવા બાળ રોગ નિષ્ણાતને પુત્રને બતાવ્યો. તેમણે 'ઓટિઝમ' નું નિદાન કર્યું.

વાલીની મૂંજવણ વધતી ગઈ, કારણ કે 'ઓટિઝમ' એટલે શું ? બાળકની સારવારનું શું ? ઉછેર કેમ કરવો ? આ બધા પ્રશ્નોમાં અનેક પડકારો હતા. તેવામાં ભાવનગરના દિવ્યભાસ્કર ન્યૂઝ પેપરમાં પી.એન.આર. સોસાયટી સંચાલિત કે.એન. શાહ ઓટિઝમ સ્કૂલની માહિતી મેળવી, હાશકારો અનુભવ્યો. સમયમાં વિલંબ કર્યા વગર દંપતિ માધવને અર્લિ ઈન્ટરવેન્શનમાં થેરાપી માટે પી.એન.આર. સોસાયટીમાં જોડાય ગયા.

૩ વર્ષની સતત સારવાર તથા સંસ્થામાં સમયાંતરે યોજાતા સારવાર કેમ્પમાં નિષ્ણાત ડૉક્ટરશ્રીઓએ સૂચવેલ સારવાર, ઓક્યુપેશનલ થેરાપિસ્ટ ડૉ. સંગીતાબેન પાસે તથા શિક્ષકો પાસે સારવાર અને તાલીમ લઈને માધવમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો.

વાલી પણ ખંતીલા હતા. સંસ્થા દ્વારા યોજાતા વાલી તાલીમમાં હોંશભેર જોડાઈને તજજ્ઞો પાસેથી મેળવેલ જ્ઞાનને માધવ સાથે અચૂક સારવારમાં ઉપયોગમાં લેતા.

હાલ માધવ પી.એન.આર. સોસાયટી સંચાલિત કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના બાલમંદિરમાં સમધારણ બાળકો માટે દૂધમાં સાકરની જેમ ભળી ગયો છે.

તે મૌખિક વાતચીત કરે છે. દૈનિક ક્રિયાઓમાં સ્વતંત્ર કાર્ય કરે છે, લેખન, વાંચન, કૌશલ્યનો વિકાસ થયો છે. સ્થિરતા વધી છે, સૂચનો સમજીને પાલન કરે છે.

આજે હજી માધવના વિકાસની સફર શરૂ જ છે, પરંતુ આ બાળકનું જીવન સુધારવા બદલ આ દંપતિ, સંસ્થાના મેનેજમેન્ટ, આચાર્યશ્રી, શૈક્ષણિક અને થેરાપિસ્ટ તજજ્ઞો તથા બિન શૈક્ષણિક સ્ટાફનો આભાર વ્યકત કરે છે.

## નિરામયા હેલ્થ પોલિસી સેમિનાર

નેશનલ ટ્રસ્ટ, ન્યૂ દિલ્હી અંતર્ગત સમાવિષ્ટ દિવ્યાંગ બાળકોના વાલીઓને **નિરામયા હેલ્થ પોલિસી** અને તેના કલેઈમ વિશેની માહિતી માટે એક સેમિનારનું આયોજન નટરાજ સી.પી. સ્કૂલ દ્વારા કરવામાં આવેલ, જેમાં સંસ્થાના નિરામયા હેલ્થ પોલિસી પ્રોજેકટના કો-ઓર્ડિનેટર શ્રી હિતેશભાઈ ઓઝાએ PPT Presentation દ્વારા સચોટ માહિતી આપેલ અને વાલીઓ સાથે પ્રશ્નોત્તરી કરી, તેઓના પ્રશ્નોનું નિરાકરણ કરેલ. આ સેમિનારમાં સી.પી. સ્કૂલ, દરેક પ્રોજેકટના વાલીઓ તથા સી.પી. સ્કૂલના આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકી ઉપસ્થિત રહેલ.



# ૧ થી ૩૦ જુન, ૧ થી ૩૧ જુલાઈ ૨૦૨૩ સુધીના દાતાઓની યાદી

PNR
HOPE 4 ALL

## ૧ થી ૩૦ જુન ૨૦૨૩

## P. N. R. SOCIETY

### 80-G

| | Rs. |
|---|---|
| Shri Rameshbhai U.Ajmera - Mumbai | 16,06,500 |
| Shri Upendrabhai J.Trivedi - Mumbai | 12,000 |
| Shri Siril D.Vora - Ahmedabad | 50,000 |
| Shri Mukesh Mahendraprasad Oza - Mumbai | 50,000 |
| Shri Manan P.Shah - Bhavnagar | 2,000 |
| Shri Sanitha Pathiyanthara Salahudheen - Kerala | 30,000 |
| Shri Natvarlal Ramniklal Chanchad - Bhavnagar | 5,000 |
| Shri Pravinchandra Manilal Shah C/O.Parco Tractor Spares Corporation - Mumbai | 11,000 |
| Shri Kaushika N. Patel - Bhavnagar | 1,500 |
| Shri Chimanbhai Keshavbhai Shah - Bhavnagar | 50,000 |
| Shri Chimanbhai Keshavbhai Shah - Bhavnagar | 50,000 |
| Shri Bhadreshkumar Vasantray Jani - Bhavnagar | 15,000 |

### CSR

| | Rs. |
|---|---|
| Heart And Hand For The Handicapped-USA | 8,08,330 |

## ૧ થી ૩૧ જુલાઈ ૨૦૨૩

### 80-G

| | Rs. |
|---|---|
| Shri Mukesh Mahendraprasad Oza - Mumbai | 50,000 |
| Shri Dilip Gordhandas Gondalia - Mumbai | 5,000 |
| Shri B.K.Parekh Parkinson's Disease & Movment Disorder Society - Mahuva | 55,000 |
| Shri Manoj Pande - New Delhi | 10,000 |
| Shri Harpalsinh Bhavsinhji Chudasama - Bhavnagar | 2,500 |
| Shri Ambikaben Tekariwal - Bhavnagar | 5,600 |
| Shri Rajshree Bhavesh Vora - Mumbai | 65,000 |
| Shri Mashiyava Sweta Viral - Bhavnagar | 17,100 |
| Shri Kumarbhai M Desai (Pro.Omega Elevators) - Ahmedabad | 1,00,000 |
| The Dalal Family Charitable Foundation - Mumbai | 4,32,000 |
| Shri Tapanbhai Janakray Pathak - Bhavnagar | 11,000 |
| Shri Priti Jitendra Parekh - Mumbai | 11,001 |

### CSR

| | Rs. |
|---|---|
| Shri Akry Organics Private Limited - Mumbai | 10,00,000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

## ૧ થી ૩૦ જુન ૨૦૨૩

| | Rs. |
|---|---|
| Shri Bhanumatiben Balkrushnabhai Bhatt - Mumbai | 1,50,000 |
| Shri Bhanumatiben Balkrushnabhai Bhatt- Mumbai | 25,000 |
| Shri Bhanumatiben Balkrushnabhai Bhatt - Mumbai | 25,000 |
| Shri Upendrabhai J. Trivedi - Mumbai | 12,000 |
| Shri Dharmishthaben Arvindbhai Bandhara - Bhavnagar | 12,000 |
| Shri Sandipbhai Anilbhai Khara - Ahmedabad | 13,000 |
| Shri Purnimaben Girishbhai Dani - Botad | 2,500 |
| Shri Mukesh Oza - Mumbai | 50,000 |
| Shri Ninjanand Parivaar - Dhoraji | 15,000 |
| Shri Devendrabhai Narvani - Bhavnagar | 6,000 |
| Late Ramniklal Khushaldas Shah - Mumbai | 1,000 |
| Shri Prabhavatiben Nemchand Manganlal Doshi - Mumbai | 6,000 |
| Shri Parulben M. Shah - Mumbai | 15,000 |
| Shri Rotary Club Of Puna University Charitable Trust - Pune | 25,000 |
| Shri Laxmanbhai Hariyani - Nagpur | 5,100 |
| Shri Harshil H. Parekh - Mumbai | 5,001 |
| Shri Niketbhai Dineshbhai Jadav - Bhavnagar | 6,000 |
| Shri Niketbhai Dineshbhai Jadav - Bhavnagar | 3,250 |
| Shri Niketbhai Dineshbhai Jadav - Bhavnagar | 1,100 |
| Late Hasmukhbhai Lallubhai Katudia - Bhavnagar | 12,000 |
| Late Gopalbhai Gafulbhai Bhojani - Bhavnagar | 2,500 |
| Late Hasmukhbhai Lallubhai Katudia - Bhavnagar | 1,100 |
| Shri Pravinchandra Manilal Shah - Mumbai | 11,000 |
| Dr. Shri Hardik Khatri - Bhavnagar | 10,000 |
| Shri Natwarlal Ramniklal Chanchad - Bhavnagar | 5,000 |
| Shri Vimalkant J. Shah - Mumbai | 6,000 |
| Shri Santoshbhai G. Kamdar - Bhavnagar | 15,000 |

## ૧ થી ૩૧ જુલાઈ ૨૦૨૩

| | |
|---|---|
| Shri Salmaben Joharbhai Tejab Wala - Bhavnagar | 5,265 |
| Shri Viyaan Unnat Patel - Bhavnagar | 5,600 |
| Shri Matushri Kashiben Chunilal Anandpara Charitable Trust - Mumbai | 25,000 |
| Shri Mitesh Prakashbhai Patel - Bhavnagar | 5,000 |
| Shri Bhumit Ravindrabhai Shah - Mumbai | 1,00,000 |
| Shri Mukesh Oza - Mumbai | 50,000 |
| Late Harshadbhai Pranjivanbhai Dave - Bhavnagar | 6,500 |
| Shri Santoshbhai G. Kamdar - Bhavnagar | 12,000 |
| Shri Santoshbhai G. Kamdar - Bhavnagar | 12,000 |
| Shri Jignesh Harsadbhai Shah - Surat | 5,000 |
| Shri Jignesh Harsadbhai Shah - Surat | 6,000 |
| Shri Kalavatiben Pranlal Khatsuriya - Bhavnagar | 7,000 |
| Shri Vimalkant J. Shah - Mumbai | 6,000 |
| Late Manharben Kiritbhai Shah - Mumbai | 10,000 |
| Shri Shilpa R. Kapadia - Mumbai | 1,50,000 |
| Shri Harshidaben Sureshbhai Buch - Bhavnagar | 5,000 |

| | |
|---|---|
| Shri Pragnaben Prakash Pathak - Bhavnagar | 10,000 |
| Shri Paresh Vasudev Mehta - Bhavnagar | 1,00,000 |
| Shri Devanshi Nimit Sheth - Mumbai | 27,000 |
| Shri Devanshi Nimit Sheth - Mumbai | 21,000 |
| Shri Devanshi Nimit Sheth - Mumbai | 20,000 |
| Shri Suresh Chand Jain (Advocate) - Vidhisha | 3,17,560 |
| Shri Snehal Bhupesh Shah - Mumbai | 1,00,000 |
| Shri Snehal Bhupesh Shah - Mumbai | 10,000 |
| Shri Snehal Bhupesh Shah - Mumbai | 4,000 |
| Shri Snehal Bhupesh Shah - Mumbai | 4,000 |
| Shri Snehal Bhupesh Shah - Mumbai | 10,000 |
| Shri Snehal Bhupesh Shah - Mumbai | 75,000 |
| Shri Snehal Bhupesh Shah - Mumbai | 25,000 |
| Shri Snehal Bhupesh Shah - Mumbai | 22,000 |
| Shri Snehal Bhupesh Shah - Mumbai | 25,000 |
| Shri Snehal Bhupesh Shah - Mumbai | 25,000 |
| Shri Varshaben Hareshbhai Patel - Bhavnagar | 11,000 |
| Late Navalkishor Babubhai Rajyaguru - Bhavnagar | 10,000 |
| Shri Meera Darshan Pandya - Bhavnagar | 50,000 |
| Dr. Shri Hardik Khatri - Bhavnagar | 10,000 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

### ૧ થી ૩૦ જુન ૨૦૨૩

| | Rs. |
|---|---|
| Shri Rajeshbhai Harshvadan Bhatt - Surendranagar | 1,10,000 |
| Shri N. N. Shah Trust - Kolkata | 51,000 |
| Shri Upendra J. Trivedi - Mumbai | 12,000 |
| Shri Nehalben R. Gadhavi - Bhavnagar | 10,000 |
| Shri Pratikshaben Brijeshbhai Anghan - Bhavnagar | 10,000 |
| Shri Kalubhai V. Mayda - Bhavnagar | 5,151 |
| Shri Ishan Kishorbhai Sureja - Bhavnagar | 5,000 |
| Shri Alpeshbhai K. Sheth - Bhavnagar | 5,000 |
| Shri Ishwarbhai R. Khandwala - Mumbai | 5,000 |
| Shri Harshadrai Haribhai Rajyaguru - Bhavnagar | 5,000 |
| Shri Natwarlal Ramniklal Chanchad - Bhavnagar | 5,000 |
| Shri Kishorbhai K. Ajmera - New Delhi | 3,750 |
| Shri Pankajbhai Ghetiya - Rajkot | 2,000 |

### ૧ થી ૩૧ જુલાઈ ૨૦૨૩

| | Rs. |
|---|---|
| Shri Bhupendra H. Shah - Mumbai | 2,75,000 |
| Shri Chetanbhai Bipinbhai Gandhi - Mumbai | 1,50,000 |
| Shri Marchant Mohmedraza Maheboobali - Bhavnagar | 1,05,600 |
| Shri Gargi Shukla - Bhavnagar | 56,000 |
| Shri Kishorbhai Nagindas Bhayani - Bhavnagar | 51,000 |
| Shri Kavisha Corporation - Mumbai | 50,000 |
| Shri Priyankaben - | 49,900 |
| Techno Plast Industries - Mumbai | 25,000 |
| Shri Sanjay Anandlal Kothari - | 25,000 |
| Shri Sonesh Jethalal Shah - Thane | 22,000 |
| Jain Women's Organisation - Mumbai | 20,000 |
| Shri Rajeev Gopalji Varaiya - Mumbai | 12,500 |
| Shri Nasit Arvind Kanubhai - Surat | 11,000 |

| | |
|---|---|
| Shri Shailesh Dhirajlal Shah - Mumbai | 11,000 |
| Shri Chandresh harakhchand Haria - Mumbai | 10,000 |
| Shri Praful Chandra Dave - Ahmedabad | 10,000 |
| Shri Linaben Rameshkumar Vaghela - Talaja | 5,000 |
| Shri Manubhai Sakarchand Shah - Mumbai | 5,000 |
| Shri Jimil Dipeshkumar Prajapati | 5,000 |
| Shri Kishor Balchand Shah - Thane | 5,000 |
| Shri Trivedi Jayendraprasad Vidyaram - Wadhwan | 5,000 |
| Shri Amishaben Raval - Surat | 2,000 |
| Shri Prajapati Kaminiben Chiragbhai - Bhavnagar | 1,500 |
| Well Wisher | 1,150 |
| Shri Harshbhai Vachhani - Bhavnagar | 1,100 |

## BHAVNAGAR NAVJAWAN SANGH
## V.C. Lodhawala & Pratapbhai Parekh PloYclinic

### ૧ થી ૩૦ જુન ૨૦૨૩

| | Rs. |
|---|---|
| Shri Navinbhai Bhaichandbhai Mehta - Kolkata | 5,000 |
| Shri Gigbhai Nathubhai Charity Trust - Mumbai | 1,00,000 |
| Shri Leelam M. Dhruva - Mumbai | 5,006 |
| Shri Upendra J. Trivedi - Mumbai | 12,000 |
| Shri Meenaben Dineshbhai Parikh - Mumbai | 11,000 |

### ૧ થી ૩૧ જુલાઈ ૨૦૨૩

| | Rs. |
|---|---|
| Shri Prabodbhai Shantilal Mehta - Mumbai | 1,11,111 |
| Shri Varshaben Prabodbhai Mehta - Mumbai | 1,11,111 |




## નેશનલ કોન્ફરન્સ





પ્રવેશોત્સવ : ૨૦૨૩



પી.એન.આર. સોસાયટીનું સન્માન



કલેકટરશ્રી દ્વારા વ્હીલચેર વિતરણ...



ADIP તથા NIEPID તરફથી સાધન-સહાય અંતર્ગત કીટ વિતરણ...




શ્રીમતિ આલોકા ગુહાનું સ્વાગત...



નેશનલ કોન્ફરન્સના પાર્ટિસિપેન્ટસ્...

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 July-August - 23 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) I Total Page : 36




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com